# અધ્યાત્મ કાવ્ય સરિતા

: સંયોજક :

**શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળ**

સોભાગ પરા, સાયલા - ૩૬૩૪૩૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# અધ્યાત્મ કાવ્ય સરિતા

❖ સંયોજક ❖

**શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળ**
સોભાગ પરા, સાયલા - ૩૬૩૪૩૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ✧ અધ્યાત્મ કાવ્ય સરિતા ✧

✧ **પ્રકાશક**
પ્રકાશન સમિતિ
શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળ
સાયલા-૩૬૩૪૩૦

✧ **પ્રાપ્તિસ્થાન**

✧ **સાયલા** ✧

શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળ
શ્રી રાજ-સોભાગ આશ્રમ
સોભાગપરા, સાયલા–૩૬૩ ૪૩૦. (જિ. સુરેન્દ્રનગર)
ફોન : (૦૨૭૫૫) ૨૮૦૫૩૩ ટેલિ-ફેક્સ : ૨૮૦૭૯૧
Website : www.rajsaubhag.org E-mail : rajsaubhag@yahoo.com

✧ **અમદાવાદ** ✧

જયેશભાઈ જે. શાહ
શિવા એન્ટરપ્રાઈઝ
૨૫, એવરેસ્ટ ટાવર, નારણપુરા, અમદાવાદ-૧૩.
ફોન : (૦૭૯) ૨૭૪૭૫૧૧૧ ટેલિ-ફેક્સ : ૨૭૪૮૩૪૩૬
shivaenterprise@yahoo.com

✧ **મુંબઈ** ✧

વિનાયક કે. શાહ
૨૨, શાંતિનિકેતન, ૩જા માળે, ૯૫-એ, મરીન ડ્રાઈવ,
મુંબઈ - ૪૦૦૦૦૨. ફોન : ૨૨૮૧૩૬૧૮/૧૯

**આવૃત્તિ** : પ્રથમ
**પ્રત** : ૧૦૦૦

મુદ્રક :
**નૈષધ પ્રિન્ટર્સ**
મ્યુનિસિપલ સ્કૂલ પાસે, નારણપુરા ગામ,
અમદાવાદ – ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૪૯૧૬૨૭

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પ્રસ્તાવના

ઘણા ઘણા પ્રકારથી મનન કરતાં અમારો દૃઢ નિશ્ચય છે કે ભક્તિ એ સર્વોપરી માર્ગ છે અને તે સત્પુરુષના ચરણ સમીપ રહીને થાય તો ક્ષણવારમાં મોક્ષ કરી દે એવો પદાર્થ છે.

ભક્તિ એ સર્વોત્કૃષ્ટ માર્ગ છે. ભક્તિથી અહંકાર મટે, સ્વચ્છંદ ટળે અને સીધા માર્ગે ચાલ્યું જવાય. —શ્રીમદ્ રાજચંદ્ર

છેલ્લાં ૩૧ વર્ષથી, આશ્રમના આરંભકાળથી આશ્રમના દૈનિક ક્રમની પૂર્ણાહુતિ રોજ રાત્રે ૮.૩૦ થી ૯.૦૦ જ્ઞાની પુરુષોએ રચેલાં ભક્તિપદો ગાઈને કરવામાં આવે છે. સદ્ગુરુદેવ પ.પૂ.બાપુજી શ્રી લાડકચંદ માણેકચંદ વોરાએ સ્વયં ૧૬ વર્ષની વયે પોતાના પુરુષાર્થને પુષ્ટિ આપતાં તત્ત્વસભર પદોનું સંકલન કરેલ હતું.

જુદા જુદા સંપ્રદાયના સંતોની આધ્યાત્મિક રચનાઓમાં પૃથક્ પૃથક્ ભાવો પ્રગટ થાય છે. કોઈમાં જગતના જીવો પ્રત્યેની કરુણા પ્રગટ થાય છે, તો કોઈમાં અનુભવની મસ્તી, કોઈમાં ઈશ્વર પ્રત્યેની પ્રચુર ભક્તિ છે, તો કોઈમાં ફિકરથી મુક્ત બની અભય બનવાનું સૂચન છે. જેમ દરેક સુગંધી પુષ્પ પોતાની મહેંક વડે સૌરભને પ્રસરાવી આ જગતને પ્રભાવિત કરે છે, તેમ આ પદો આપણી ભીતરની ચેતનાને પ્રભાવિત કરી જગાડે છે.

જ્ઞાની પુરુષોએ રચેલાં પાંચ કડીના પદને સમજાવવા માટે અનેક પાનાંઓ ભરી એનો વિશેષાર્થ કરવામાં આવતો હોય છે. એ પદનાં ભેદ-રહસ્યોને પ્રગટ કરવા વક્તાઓને પાંચ કલાક પણ ઓછા પડે છે. સંક્ષિપ્ત છતાં સંપૂર્ણ રીતે વિષયને આવરી લેતાં પદોને સાંભળીએ, વાંચીએ કે વિચારીએ ત્યારે સિંધુને બિંદુમાં સમાવી દેવાની જ્ઞાની પુરુષોની આત્મિક શક્તિના ઐશ્વર્યનો ખ્યાલ આવે છે.

આ પદોમાં જ્યારે આપણું મન સ્થિર થાય છે ત્યારે સંતોના હૃદયમાંથી વહેતા નિષ્કામ પ્રેમનું માધુર્ય વેદાય છે. બહિરાત્મભાવથી અપવિત્ર થયેલો આત્મા અને મેલું થયેલું મન જ્યારે જ્યારે આ અધ્યાત્મ કાવ્ય-સરિતામાં સ્નાન કરે છે ત્યારે ત્યારે તે પવિત્ર બને છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીવનની સમગ્ર સમસ્યાઓનો ઉકેલ આ પદોમાંથી પ્રાપ્ત થાય છે. આ પદોમાં રહેલા આત્માના અમૃતરસનો આસ્વાદ થાય છે ત્યારે સમજાય છે કે સુખ સંપત્તિ કે સત્તામાં નથી. આ પદોમાં પ્રવેશ થતાં જ સંતોની ચૈતન્યસૃષ્ટિનો વૈભવ, તેની સોહામણી રમણીયતા ને પળપળના આનંદોત્સવનો ખ્યાલ આવે છે.

વિવિધ ધર્મોમાં, ભિન્ન-ભિન્ન દર્શનોમાં કે અનેક સંપ્રદાયોમાં થયેલા જ્ઞાની મહાત્માઓનો અંતરંગ અનુભવ એકસરખો જ હોય છે. સો જ્ઞાનીઓના એ એક મતને સમજવા આ પદો સહાયક બને છે. આ પદો વડે પૌદ્‌ગલિક આસક્તિ તૂટે છે અને આત્માને અસંગ દશાની પ્રાપ્તિ થાય છે.

પરદેશમાં વસતા મુમુક્ષુ આત્માઓ આધ્યાત્મિક સાધનામાં વિકાસ કરે તે અર્થે પ.પૂ.ભાઈશ્રી નલીનભાઈ કોઠારી ત્રણ વર્ષે એકવાર ત્યાં જતા હોય છે. ઈ.સ. ૨૦૦૩ની સાલમાં લંડન તેમ જ નૈરોબી જતાં પહેલાં ભાઈશ્રીની પ્રેરણાથી આશ્રમમાં ગવાતાં પદોનું સંકલન કરી એક પુસ્તિકા તૈયાર થઈ. ત્યાર બાદ ઘણાં બીજાં પદો તેમાં ઉમેરી આજના આ ૩ નવેમ્બર, ૨૦૦૭ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદના જ્ઞાનસત્રની મંગળવેળાએ તેનું વિમોચન થઈ રહ્યું છે, તેનો આનંદ છે.

આશ્રમ દ્વારા પ્રકાશિત આ 'અધ્યાત્મ કાવ્ય-સરિતા' પુસ્તક-પ્રકાશનનો તમામ ખર્ચ પંચાલી પરિવારે આપ્યો છે, તેમ જ તેમાં રહેલી અશુદ્ધિઓ સુધારી આપવામાં સંસ્કૃતનાં પ્રોફેસર આત્માર્થી ચંદ્રિકાબેન પંચાલી તથા નૈષધ પ્રિન્ટર્સવાળા દશરથભાઈએ કાળજીપૂર્વકનો પરિશ્રમ લીધેલો છે. સંસ્થા તેઓની તેમ જ પંચાલી પરિવારની અત્યંત આભારી છે.

ગચ્છમાં કે મતમાં નહીં, પણ આત્માના સત્‌માં નિવાસ કરવા માટે આ 'અધ્યાત્મ કાવ્ય સરિતા' પ્રેરક બને, તેવી પ્રભુ પાસે અભ્યર્થના.

લિ.

પ્રકાશન સમિતિ

શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળ, સાયલા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

॥ ॐ ॥

卐 **સહજાત્મસ્વરૂપ પરમગુરુ** 卐

सर्वज्ञदेवाय नमः परमकृपालुदेवाय नमः श्री सद्गुरुदेवाय नमः







**સ્વ. લલિતાબહેન વીરચંદભાઈ પંચાલી**
**સમાધિ : ૧૩-૫-૨૦૦૦ (બોટાદ)**

**સ્વ. વીરચંદભાઈ બેચરદાસ પંચાલી**
**સમાધિ : ૨૭-૧૨-૧૯૭૨ (બોટાદ)**

આપનો પાર્થિવદેહ આજે વિદ્યમાન નથી. પરંતુ આપનું આધ્યાત્મિક, પ્રમાણિક, નિર્મળ અને પ્રેમાળ વ્યક્તિત્વ અમારી હૃદયભૂમિમાં સદાય જીવંત છે. અમારા માટે આપની સ્વરૂપલક્ષી જીવનદૃષ્ટિ સમ્યક્ બોધ પ્રેરક છે; જે અમારા વર્તમાન જીવનને સુગંધિત બનાવે છે. આપશ્રી પરમજ્ઞાયકદેવની ઉપાસનાથી શીઘ્રાતિશીઘ્ર શાશ્વત શાંતિને પામો એ જ શુભ ભાવના અને અમારા જીવનમાં સમ્યક્ બોધબીજ બનીને વહો એ અભ્યર્થના.

લિ.
પંચાલી પરિવાર વતી
ડૉ. ધીરુભાઈ વીરચંદભાઈ પંચાલી
બોટાદ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## અનુક્રમણિકા


| ક્રમ | અધ્યાત્મ પદો | પાના નંબર |
|---|---|---|
| ૧. | મન મસ્ત હુઆ.......................... | ૧ |
| ૨. | યે તો પ્રેમ કી બાત હૈ ઉધો................ | ૧ |
| ૩. | અચરિજ દેખા ભારી રે સાધો............... | ૨ |
| ૪. | ઓળખો અંદરવાળો........................ | ૨ |
| ૫. | અગર હૈ પ્રેમ દર્શનકા...................... | ૩ |
| ૬. | અબ મેરે સમકિત સાવન આયો............. | ૩ |
| ૭. | અબ સૌંપ દિયા ઈસ જીવનકો............... | ૪ |
| ૮. | અબ હમ આનંદકો ઘર પાયો............... | ૪ |
| ૯. | આણં તાણં કાંઈ ન જાણં.................... | ૫ |
| ૧૦. | આપને તારા અંતરનો એક તાર............. | ૫ |
| ૧૧. | આ રે અવસરની હું તો જાઉં રે બલિહારી..... | ૬ |
| ૧૨. | ઊંચી મેડી તે મારા સંતની રે............... | ૭ |
| ૧૩. | કાયાનો ઘડનારો ઘટમાંય.................... | ૭ |
| ૧૪. | જતી હતી હું વાટમાં......................... | ૮ |
| ૧૫. | જનમ તેરા બાતોં હી બીત ગયો............. | ૯ |
| ૧૬. | જ્યોતસે જ્યોત જગાઓ સદ્‌ગુરુ............ | ૯ |
| ૧૭. | તારા નયણે અમીરસ ઝરતાં રે.............. | ૧૦ |
| ૧૮. | પતિ પરમકૃપાળુ મારા રે.................... | ૧૧ |
| ૧૯. | પરકમ્મા કરીને લાગું પાય રે................ | ૧૨ |
| ૨૦. | જાગીને જોઉં તો જગત દીસે નહિ.......... | ૧૩ |
| ૨૧. | ઐસી લાગી લગન મીરાં હો ગઈ મગન (હે આંખ વો જો). | ૧૪ |
| ૨૨. | ચદરિયા ઝીની રે બીની................... | ૧૫ |
| ૨૩. | તેરા રાજજી કરેંગે બેડા પાર................ | ૧૫ |




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| ક્રમ | અધ્યાત્મ પદો | પાના નંબર |
|---|---|---|


૨૪. ગુરુ ઘેર આવ્યા તે દિવાળી.................. ૧૬
૨૫. જાઓ જાઓ મેઘરાજા...................... ૧૭
૨૬. મન લાગો મેરો યાર ફકીરીમેં............... ૧૭
૨૭. જીવનની આ પળ અણમોલ................. ૧૮
૨૮. સત્સંગનો રસ ચાખ........................ ૧૮
૨૯. પ્રભુજી ! તુમ ચંદન હમ પાની............. ૧૯
૩૦. ભજનમેં હોત આનંદ આનંદ................ ૧૯
૩૧. પ્રેમી આવો રે............................ ૨૦
૩૨. સાધો મનકા માન ત્યાગો.................. ૨૦
૩૩. ભોળી રે ભરવાડણ હરિને................... ૨૧
૩૪. નૈયા ઝુકાવી મૈં તો જોજે ડૂબી જાય ના........ ૨૧
૩૫. મન ફૂલા ફૂલા ફિરે જગતમેં............... ૨૨
૩૬. મને વ્હાલા થાઓ શ્રી રાજ એવા........... ૨૩
૩૭. મનો બુદ્ધિ અહંકાર....................... ૨૪
૩૮. મંદિરે પધારો સ્વામી સલૂણા............... ૨૫
૩૯. મેરા સત્ ચિત્ આનંદરૂપ.................. ૨૬
૪૦. મ્હારે જનમ મરણરા સાથી................. ૨૬
૪૧. રાજ રંગભીના મારે....................... ૨૭
૪૨. શું શોધે સજની ?......................... ૨૭
૪૩. રોમે રોમે હું તારી થતી જાઉં છું............ ૨૮
૪૪. સાંસ સાંસ મેં સુમરિન કરકે................ ૨૮
૪૫. લાગો છો પ્યારા પ્યારા કૃપાળુદેવ........... ૨૯
૪૬. વીતરાગી ! તારી માયા લાગી રે........... ૩૦




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| ક્રમ | અધ્યાત્મ પદો | પાના નંબર |
|---|---|---|
| ૪૭. | સમાધિસાધન રાજ તારું નામ............... | ૩૧ |
| ૪૮. | લિખનેવાલે તૂ હોકે દયાલ લિખ દે......... | ૩૧ |
| ૪૯. | ગુરુ બિના, કૈસે લાગે પાર................. | ૩૨ |
| ૫૦. | જ્ઞાનમય હો ચેતન, તોહે જગકા............ | ૩૩ |
| ૫૧. | જબસે પ્યારે શ્રીમદ્જી આયે................ | ૩૪ |
| ૫૨. | પાયોજી મૈને રામ રતન ધન................ | ૩૪ |
| ૫૩. | ગુરુદેવ મેરી નૈયા......................... | ૩૫ |
| ૫૪. | સફલ હુઆ હૈ ઉન્હી કા જીવન............. | ૩૫ |
| ૫૫. | હોગા આત્મજ્ઞાન વો દિન.................. | ૩૬ |
| ૫૬. | દર્શન દયોં ઘનશ્યામ નાથ.................. | ૩૬ |
| ૫૭. | જરાં તો ઇતના બતા દો પ્રીતમ............ | ૩૭ |
| ૫૮. | હે ! પ્રભુ આનંદદાતા...................... | ૩૭ |
| ૫૯. | રે ! મનાજી તું તો જિન ચરણે............. | ૩૮ |
| ૬૦. | ઐસી કરી ગુરુદેવ કૃપા.................... | ૩૮ |
| ૬૧. | મારા મરણ વખતે બધી.................... | ૩૯ |
| ૬૨. | ૐ મંગલમ્............................. | ૪૦ |
| ૬૩. | હરિનામકે હીરે મોતી...................... | ૪૧ |
| ૬૪. | જો ભજે ગુરુકો સદા...................... | ૪૧ |
| ૬૫. | મૈં તો જપું સદા તેરા નામ................. | ૪૨ |
| ૬૬. | અબ હમ અમર ભયે ન મરેંગે............. | ૪૨ |
| ૬૭. | હે ! મારા ઘટમાં બીરાજતાં................ | ૪૩ |
| ૬૮. | આજ જવાની પર ઇતરાનેવાલે (કવ્વાલી)..... | ૪૪ |
| ૬૯. | હે ! શારદે માઁ.......................... | ૪૭ |




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| ક્રમ | અધ્યાત્મ પદો | પાના નંબર |
|---|---|---|
| ૭૦. | બૈર બૈર નહીં આવે અવસર................ | ૪૭ |
| ૭૧. | અમી ભરેલાં એ નયન.................... | ૪૮ |
| ૭૨. | અલખ દેશ મેં વાસ હમારા................ | ૪૯ |
| ૭૩. | શ્રી અનંત જિનશું કરો.................... | ૪૯ |
| ૭૪. | પંથડો નિહાળું રે બીજા જિનતણો........... | ૫૦ |
| ૭૫. | મેરે સદ્ગુરુ દીન દયાળ.................. | ૫૦ |
| ૭૬. | સંભવદેવ તે ધૂર સેવો રે.................. | ૫૧ |
| ૭૭. | પીવતા નામ જો જુગન જુગ જીવતાં......... | ૫૧ |
| ૭૮. | સમક્તિ દાતા સમક્તિ આપો.............. | ૫૨ |
| ૭૯. | અભિનંદનજિન ! દરિશણ તરસીએ......... | ૫૩ |
| ૮૦. | મૂલડો થોડો ભાઈ વ્યાજડો ઘણો રે.......... | ૫૩ |
| ૮૧. | પદ્મપ્રભુ જિન, તુજ-મુજ આંતરું રે............ | ૫૪ |
| ૮૨. | ક્યા સોવે ઊઠ જાગ બાઉ રે................ | ૫૪ |
| ૮૩. | દેખણ દે રે સખી, મુને દેખણ દે........... | ૫૫ |
| ૮૪. | ચંદ્રપ્રભ જિન સાહેબા રે................... | ૫૬ |
| ૮૫. | અબ મેરે પતિ ગતિ દેવ નિરંજન........... | ૫૬ |
| ૮૬. | દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે.................. | ૫૭ |
| ૮૭. | ધર્મ જિનેસર ગાઉં રંગશું................... | ૫૮ |
| ૮૮. | હાંરે મારે ધર્મજિણંદશું લાગી............... | ૫૯ |
| ૮૯. | ગિરુઆ રે ગુણ તુમ તણા................ | ૬૦ |
| ૯૦. | મનડું કિમહિ ન બાઝે હો કુંથુજિન.......... | ૬૧ |
| ૯૧. | મુનિસુવ્રત જિન વંદતાં.................. | ૬૨ |
| ૯૨. | રામ કૃષ્ણ હરિ મુકુંદ મુરારી.............. | ૬૨ |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| ક્રમ | અધ્યાત્મ પદો | પાના નંબર |
|---|---|---|
| ૯૩. | દિલમાં દીવો કરો રે...................... | ૬૩ |
| ૯૪. | મન કી તરંગ માર લે...................... | ૬૪ |
| ૯૫. | કોન બતાવે બાટ ગુરુ બિના............... | ૬૪ |
| ૯૬. | વ્હાલા લાગો છો વિશ્વઆધાર રે............ | ૬૫ |
| ૯૭. | ચેતન એસા ગ્યાન વિચારો.................. | ૬૬ |
| ૯૮. | સત્‌ગુરુ તુમ્હારે પ્યારને.................... | ૬૭ |
| ૯૯. | હરિ વસે હરિના જનમાં.................. | ૬૮ |
| ૧૦૦. | રામ કહો રહેમાન કહો.................... | ૬૮ |
| ૧૦૧. | સંતો સો સત્‌ગુરુ મોહિ ભાવે............. | ૬૯ |
| ૧૦૨. | બિના નયન પાવે નહીં.................... | ૭૦ |
| ૧૦૩. | ચેતન શુદ્ધાતમકૂં ધ્યાવો.................. | ૭૦ |
| ૧૦૪. | ૐ કારં બિંદુ સંયુક્તં..................... | ૭૧ |
| ૧૦૫. | હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું............... | ૭૨ |
| ૧૦૬. | યમનિયમ સંજમ આપ કિયો.............. | ૭૪ |
| ૧૦૭. | સુણો શાંતિ જિણંદ સોભાગી.............. | ૭૫ |
| ૧૦૮. | અબ ચલો સંગ હમારે કાયા.............. | ૭૬ |
| ૧૦૯. | અવધૂ ક્યા માગું ગુનહીના............... | ૭૬ |
| ૧૧૦. | અવધૂ નામ હમારા રાખે.................. | ૭૭ |
| ૧૧૧. | પગ મને ધોવા દયોને રઘુરાઈ............. | ૭૭ |
| ૧૧૨. | અવધૂ સો જોગી ગુરુ મેરા................. | ૭૮ |
| ૧૧૩. | સુહાગણ ! જાગી અનુભવ પ્રીત........... | ૭૮ |
| ૧૧૪. | જીય જાને મેરી સફલ ઘરીરી............. | ૭૯ |
| ૧૧૫. | મહારો બાલુડો સંન્યાસી.................. | ૭૯ |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| ક્રમ | અધ્યાત્મ પદો | પાના નંબર |
|---|---|---|


| ક્રમ | અધ્યાત્મ પદો | પાના નંબર |
|---|---|---|
| ૧૧૬. | નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો......... | ૮૦ |
| ૧૧૭. | નિશદિન જોઉં તારી વાટડી............... | ૮૧ |
| ૧૧૮. | અવધૂ અનુભવકલિકા જાગી............. | ૮૧ |
| ૧૧૯. | દેખો એક અપૂરવ ખેલા.................. | ૮૨ |
| ૧૨૦. | કિત જાનમતેં હો પ્રાણનાથ................ | ૮૨ |
| ૧૨૧. | અબ જાગો પરમગુરુ પરમદેવ પ્યારે......... | ૮૩ |
| ૧૨૨. | અવધૂ પિયો અનુભવ રસ પ્યાલા.......... | ૮૩ |
| ૧૨૩. | પૂરવ પુણ્ય ઉદય કરી ચેતન.............. | ૮૪ |
| ૧૨૪. | કોઈ અજબ તમાસા દેખા................. | ૮૫ |
| ૧૨૫. | નામ સુધારસ સાર સરવમાં............... | ૮૬ |
| ૧૨૬. | મેરુ તો ડગે પણ જેનાં મનડાં ડગે નહીં...... | ૮૭ |
| ૧૨૭. | હરિ તારો અમને સથવારો................ | ૮૭ |
| ૧૨૮. | આજ ગઈ'તી હું સમવસરણમાં............ | ૮૮ |
| ૧૨૯. | સદ્‌ગુરુ દેવ દયાળુ દાતા.................. | ૮૮ |
| ૧૩૦. | પગ ઘુંઘર બાંધ મીરાં નાચી રે............ | ૮૯ |
| ૧૩૧. | યે મીઠા પ્રેમકા પ્યાલા કોઈ પિયેગા......... | ૮૯ |
| ૧૩૨. | જહવા સે આયો અમર વહ દેશવા........ | ૯૦ |
| ૧૩૩. | શું રે કરવું રે મારે.......................... | ૯૦ |
| ૧૩૪. | સુગરાનું સુખ શું વખાણું ?.................. | ૯૧ |
| ૧૩૫. | મેરા તેરા મનવા કૈસે એક હોઈ.............. | ૯૧ |
| ૧૩૬. | સબ સે ઊંચી પ્રેમ સગાઈ.................. | ૯૨ |
| ૧૩૭. | નિત્ય નિત્ય ભજીએ તારું નામ............... | ૯૨ |
| ૧૩૮. | ઝાંખી ક્યાંથી થાય, હું-પદ હૈયેથી............ | ૯૩ |




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| ક્રમ અધ્યાત્મ પદો | પાના નંબર |
|---|---|
| ૧૩૯. સમજ ગયા તો હો જા મૌન................. | ૯૪ |
| ૧૪૦. ફકીરોં કી દુનિયા અજબ હૈ નિરાલી.......... | ૯૪ |
| ૧૪૧. હરિ મારે હ્દયે રહેજો રે..................... | ૯૫ |
| ૧૪૨. ચલના હૈ દૂર મુસાફિર કાહે................. | ૯૬ |
| ૧૪૩. મન રે તૂં કાહે ના ધીર ધરે.................. | ૯૬ |
| ૧૪૪. સત્ગુરુ શબદનાં થવા અધિકારી.............. | ૯૭ |
| ૧૪૫. આહા કેવું ભાગ્ય જાગ્યું, વીરના ચરણો મળ્યા... | ૯૮ |
| ૧૪૬. મોહે લાગી લટક ગુરુ ચરનનકી............. | ૯૮ |
| ૧૪૭. વીજળીને ચમકારે મોતીડાં પરોવતાં પાનબાઈ..... | ૯૯ |
| ૧૪૮. છૂટાં છૂટાં રે તીર રે અમને.......... | ૧૦૦ |
| ૧૪૯. પીવો જ હોય તો રસ પી લેજો પાનબાઈ....... | ૧૦૧ |
| ૧૫૦. વીણવો જ હોય તો રસ વીણી લેજો પાનબાઈ... | ૧૦૨ |
| ૧૫૧. મનને સ્થિર કરી આવો રે મેદાનમાં........... | ૧૦૩ |
| ૧૫૨. ગુરુદેવ તમારે દરવાજે, દોડું છું દર્શનને કાજે... | ૧૦૪ |
| ૧૫૩. આયે હૈ શરણ તેરી, ગુરુદેવ કૃપા કર દો....... | ૧૦૪ |
| ૧૫૪. મૈં શરણ પડા તેરી, ચરણોં મેં જગા દેના........ | ૧૦૫ |
| ૧૫૫. હરિ ૐ .... હરિ ૐ..................... | ૧૦૬ |
| ૧૫૬. નજર નાખું ત્યાં હે શ્રી નારાયણ............. | ૧૦૬ |
| ૧૫૭. ચેતન ચાલોને હવે સુખ નહીં પરમાં મળે...... | ૧૦૭ |
| ૧૫૮. ઘૂંઘટે ઢાંક્યું એક કોડિયું.................... | ૧૦૮ |
| ૧૫૯. ઘેલી તો ફરું રે ઘરમાં ઘેલી તો ફરું.......... | ૧૦૯ |
| ૧૬૦. ક્યા તન માંજના રે એક દિન મિટ્ટી મેં....... | ૧૧૦ |
| ૧૬૧. ધૂણી રે ધખાવી બેલી ! અમે તારા નામની.... | ૧૧૧ |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| ક્રમ અધ્યાત્મ પદો | પાના નંબર |
|---|---|
| ૧૬૨. પ્રાર્થના કરને કો અબ, હાથ યે ઊઠતે નહીં......... | ૧૧૨ |
| ૧૬૩. અવતાર માનવીનો ફરીને નહીં મળે.......... | ૧૧૨ |
| ૧૬૪. પરલોકે સુખ પામવા, કર સારો સંકેત......... | ૧૧૩ |
| ૧૬૫. હે ગુરુવર, હે પરેમશ્વર, હે જ્ઞાની, હે દાતા.... | ૧૧૪ |
| ૧૬૬. તારા ઘટમાં ગોવિંદ બોલે.................... | ૧૧૫ |
| ૧૬૭. હમ એક બને, હમ નેક બને................ | ૧૧૬ |
| ૧૬૮. મેરે ગુરુકી મહિમા અપાર, યે દુનિયા ક્યા જાને.. | ૧૧૭ |
| ૧૬૯. કભી પ્યાસે કો પાની પીલાયા નહીં.......... | ૧૧૮ |
| ૧૭૦. હે તેરે અંતરમેં અનંત આનંદ સિંધુ.......... | ૧૨૦ |
| ૧૭૧. પ્રભુજી તુમ બીન કોન સહારા.............. | ૧૨૧ |
| ૧૭૨. નૈયા મેરી બચાના રે...................... | ૧૨૨ |
| ૧૭૩. ગુરુ ચરણનનમેં બેઠકર..................... | ૧૨૨ |
| ૧૭૪. ગુરુ બિન જ્ઞાન ન ઊપજે................... | ૧૨૩ |
| ૧૭૫. તીરથ તીરથ મૈ ગયો...................... | ૧૨૪ |
| ૧૭૬. ગુરુ માતાપિતા, ગુરુ બંધુ સખા............. | ૧૨૪ |
| ૧૭૭. ગુરુ બિન જ્ઞાન ન ઊપજે................... | ૧૨૫ |
| ૧૭૮. મને ચટકી લાગી શબદની.................. | ૧૨૬ |
| ૧૭૯. આત્મસાક્ષાત્કાર સ્તવન.................. | ૧૨૭ |
| ૧૮૦. આધ્યાત્મિક સ્તવન.................. | ૧૨૭ |
| ૧૮૧. સ્વાનુભવદશા મહિમા................... | ૧૨૮ |
| ૧૮૨. શ્રી શાંતિનાથજી જિન સ્તવન.................. | ૧૨૮ |
| ૧૮૩. આત્મકીર્તન.................. | ૧૨૯ |
| ૧૮૪. ગુરુદેવ સ્તવન.................. | ૧૨૯ |




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| ક્રમ અધ્યાત્મ પદો | પાના નંબર |
|---|---|
| ૧૮૫. કૃપાદશાનું સ્તવન.................... | ૧૩૦ |
| ૧૮૬. આત્મસ્વરૂપ ધૂન.................... | ૧૩૦ |
| ૧૮૭. જ્ઞાયકદેવ સ્તવન.................... | ૧૩૧ |
| ૧૮૮. ૐ જય ગુરુદેવ હરે....................... | ૧૩૨ |
| ૧૮૯. મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું.................. | ૧૩૩ |
| અધ્યાત્મ ગાથાઓ............................. | ૧૩૩ |
| ૧૯૦. જય સદ્ગુરુ સ્વામી..(આરતી)............. | ૧૩૬ |
| ૧૯૧. સ્તુતિ.................................... | ૧૩૭ |
| શ્રી માણિભદ્રદેવની સ્તુતિ.................. | ૧૩૮ |
| શ્રી પદ્માવતી માતાજીની સ્તુતિ............., | ૧૩૯ |
| શ્રી પદ્માવતી દેવીનો ટૂંકો જાપ.............. | ૧૩૯ |
| શ્રી મહાલક્ષ્મી દેવીનો જાપ................. | ૧૩૯ |
| શ્રી ઘંટાકર્ણ મહાવીર મંત્ર.................. | ૧૩૯ |
| આરતી.................................. | ૧૪૦ |
| મંગલ દીવો.............................. | ૧૪૦ |
| સ્તુતિ.................................. | ૧૪૧ |
| પ્રક્ષાલ કરતી વખતે બોલવાના દુહા.......... | ૧૪૨ |
| પૂજા કરતી વખતે બોલવાના દુહા............ | ૧૪૪ |
| ચૈત્યવંદન વિધિ.......................... | ૧૪૭ |
| આલફાબેટિક અનુક્રમણિકા................. | ૧૫૩ |




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧)

મન મસ્ત હુઆ, મન મસ્ત હુઆ, અબ ક્યું ડોલે. મન..
અંદર તેરે સાહેબ બૈઠા, બાહર નૈના કયું ખોલે. મન..
હીરા પાયો ગાંઠ ગઠાયો, બાર-બાર વાંકો ક્યું ખોલે. મન..
સૂક્ષ્મણા નાડી અમીરસ લાવે, પ્યાલા ભર-ભર અણ તોલે. મન..
હલકી થી તબ ચઢી તરાજુ, પૂરી ભઈ તબ ક્યું તોલે. મન..
હંસા પાયા માનસરોવર, દૂજી જગાહ પર પગ ડોલે. મન..
કહત કબીરા સુનો ભાઈ સાધો, સાહિબ મિલ ગયા તિલ ઓલે. મન..

* * *

(૨)

યે તો પ્રેમ કી બાત હૈ ઉધો, બંદગી તેરે બસ કી નહીં હૈ;
યહાં સિર દેકે હોતે હૈ સૌદે, આશિકી કોઈ સસ્તી નહીં હૈ. યે તો...

તેરે પ્રેમીઓને કબ વક્ત પૂછા, તેરે દ્વાર પે આને કો ભગવન્;
યહાં દમ-દમ પે હોતી હૈ પૂજા, સર ઝુકાને કી ફુરસદ નહીં હૈ. યે તો...

જિસકે દિલમેં બસે શ્યામ પ્યારે, વો તો હોતે હૈ જગસે ન્યારે;
જિનકી નઝરોમેં પ્રીતમ બસે હૈ, વો નઝર ફિર તરસતી નહીં હૈ. યે તો...

જો અસલ મેં હૈ મસ્તીમેં ડૂબે, ઉનકો પરવાહ નહીં હૈ કિસીકી;
જો ઊતરતી ઔર ચઢતી હૈ મસ્તી, વો હકીકત મેં મસ્તી નહીં હૈ. યે તો...

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૩)

અચરિજ દેખ ભારી રે સાધો;
ગનન બીચ અમૃત કા કૂવા, ઝરે સદા સુખકારી રે... હો...
પંગુ પુરુષ ચઢે બિન સીડી, પીએ ભર-ભર જારી રે...
અચરિજ દેખા...

બિના બજાયે નિશદિન બાજે, ઘંટા શંખ નગારી રે... હો...
બહેરા સુન-સુન મસ્ત હોત હૈ, તન કી ખબર વિસારી રે...
અચરિજ દેખા...

બિન ભૂમિ કે મહલ બના હે, તામેં જ્યોત ઉજારી રે... હો...
અંધા દેખ દેખ સુખ પાવે, બાત બતાવે સારી રે...
અચરિજ દેખા...

જીતા મર કર ફિર જીવે, બિન ભોજન બલ ધારી રે... હો...
બ્રહ્માનંદ સંત જન વિરલા, સમજે બાત હમારી રે...
અચરિજ દેખા...

* * *

(૪)

ઓળખો અંદરવાળો રે ભાઈ તમે ઓળખો અંદરવાળો ...

માના ઉદરમાં નાના બાળકને કોણ છે રાખનહારો;
રાતલડીએ આંખ મિંચાઈ જાતી સવારે કોણ ખોલનારો; રે ભાઈ ...

મોઢાથી તમે ખાયા કરો છો, કોણ છે પચાવનારો;
અન્નને પાણી ભેળા કરીને કોણ છે લોહી કરનારો; રે ભાઈ ...

મનડું ખોટું કામ કરે ત્યારે હૈયેથી કોણ ટોકનારો;
અંતરની પ્રાર્થના કોણ રે સાંભળે, આફતને કોણ ટાળનારો; રે ભાઈ ...

અહર્નિશ એ તો સાથે જ રહેતો, તું એને સમજે ન્યારો;
રામભકતોનો રામ રમૈયો ઘટ-ઘટમાં વસનારો; રે ભાઈ ...

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૫)

અગર હૈ પ્રેમ દર્શનકા, ભજનસે પ્રીત કર પ્યારા.

છોડકર કામ દુનિયાકે, રોક વિષયોંસે મન અપના;
જીતકર નીંદ આલસકો, રહો એકાંતમેં ન્યારા. અગર૰ ૧

બૈઠ આસન જમા કરકે, ત્યાગ મનકે વિચારોંકો;
દેખ ભૃકુટીમેં અંદરસે, ચમકતા હૈ અજબ તારા. અગર૰ ૨

કભી બિજલી કભી ચંદા, કભી સૂરજ નજર આવે;
કભી ફિર ધ્યાનમેં ભાસે, બ્રહ્મજયોતિ કા ચમકારા. અગર૰ ૩

મિટે સબ પાપ જન્મોંકે, કટે સબ કર્મકે બંધન;
વો બ્રહ્માનંદમેં હોવે લીન, મન છોડ સંસારા. અગર૰ ૪

* * *

(૬)

અબ મેરે સમકિત સાવન આયો,
બીતી કુરીતિ મિથ્યામતિ ગ્રીષમ, પાવસ સહજ સુહાયો. સ૰ ૧

અનુભવ દામિની દમકન લાગી, સુરતિ ઘટા ઘન છાયો;
બોલૈં વિમલ વિવેક પપીહા, સુમતિ સુહાગિની ભાયો. સ૰ ૨

ગુરુધુનિ ગરજ સુનત સુખ ઊપજૈ, મોર સુમન બિહસાયો;
સાધક ભાવ અંકુર ઊઠે બહુ, જિત તિત હરખ સવાયો. સ૰ ૩

ભૂલ ધૂલ કહીં ભૂલ ન સૂઝત, સમરસ જલ ભર લાયો;
ભૂધરકો નિકસૈં અબ બાહિર, નિજ નિરચૂ ઘર પાયો. સ૰ ૪

સમકિત અતુલ અખંડ સુધારસ, જિન પુરુષનને પીતા;
રાજચંદ્ર તે અજર અમર ભયે, તિન્હીંને જગ જીતા. સ૰ ૫

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૭)

અબ સૌંપ દિયા ઇસ જીવનકો, ભગવાન તુમ્હારે ચરણોંમેં;
મૈં હૂં શરણાગત પ્રભુ તેરા, રહો ધ્યાન તુમ્હારે ચરણોંમેં. અબ૦ ૧

મેરા નિશ્ચય બસ એક હી વહી, મૈં તુમ ચરણોંકા પૂજારી બનૂં;
અર્પણ કર દૂં દુનિયા ભરકા, સબ પ્યાર તુમ્હારે ચરણોંમેં. અબ૦ ૨

જો જગમેં રહૂં તો ઐસે રહૂં, જ્યૂં જલમેં કમલકા ફૂલ રહે;
હૈ મન વચ કાય હૃદય અર્પણ, ભગવાન તુમ્હારે ચરણોંમેં. અબ૦ ૩

જહાં તક સંસારમેં ભ્રમણ કરું, તુઝ ચરણોંમેં જીવનકો ધરું;
તુમ સ્વામી મેરા મૈં સેવક તેરા, ધરું ધ્યાન તુમ્હારે ચરણોંમેં અબ૦ ૪

મૈં નિર્ભય હું તુઝ ચરણોં મેં, આનંદ મંગલ હૈ જીવનમેં;
રિદ્ધિસિદ્ધિ ઔર સંપત્તિ સબ, મિલ ગઈ હૈ પ્રભુ તુઝ ચરણોંમેં અબ૦ ૫

મેરી ઇચ્છા બસ એક પ્રભુ, એકબાર તુઝે મિલ જાઉં મૈં;
ઇસ સેવકકી એક રગ રગકા, હો તાર તુમ્હારે હાથોંમેં અબ૦ ૬

* * *

(૮)

અબ હમ આનંદકો ઘર પાયો,
જબતેં કૃપા ભઈ સત્‌ગુરુકી, અભય નિશાન બજાયો. અબ૦ ૧

કામ-ક્રોધકી મટકી પટકી, કુમતિ કો દૂર બહાયો;
હદ છોડી બેહદ ઘર આસન, ગગન મંડલ મઠ છાયો. અબ૦ ૨

પ્રેમ પ્રીતિકો કિયો હૈ ચોલના, સુમતિકો ટોપ, બનાયો;
તજી પરપંચ વેદ મત કિરિયા, ચરનકમલ ચિત્ત લાયો. અબ૦ ૩

ધરની ગનન પવન નહીં પાની, તહાં જાઈ મઠ છાયો;
કહે કબીર કોઈ પિયાકા પ્યાસા, પિયા પિયા રટ લાયો. અબ૦ ૪

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૯)

આણં તાણં કાંઈ ન જાણં, ધણીએ જાણ્યું પરમાણં;
તને હજો એ (ઇ) મને હજો;
તારો છેડો છોડું નહીં, મને બીજી કશી પડે ના ગમ;
તને હજો એ (ઇ) મને હજો.

આગમ તારા અગમ્ય છે, એ મુજને ના સમજાય;
જે કોઈને પૂછવા જાઉં, એ સૌ પોતાની ગાય;
મારે તો બસ જોઈએ તારો, સીધો સમાગમ. તને૦ ૧

બીજા કોઈની વાત સુણી, મન માને ના જરાય;
વ્હાલા તારી વાણી મુજ, હૈયા સોંસરવી જાય;
મેં તો તારા નામે કર્યા છે, મારા સર્વ જનમ. તને૦ ૨

મન વચન ને શરીર તારાં, તારાં પુણ્ય ને પાપ;
હૈયે ને હોઠે બસ રહેતાં, તુંહિ તુંહિના જાપ;
પરાભક્તિને દેનારું, મને તારું મળ્યું શરણ. તને૦ ૩

જીવની સાથે જડી લીધો, મેં તુજને દીનાનાથ;
તારા વિના જીવાશે નહીં, હવે નિત રહેજે સંગાથ;
ભલે માધવી કહે હવે, સોહમ્ સોહમ્ સોહમ્. તને૦ ૪

* * *

(૧૦)

આપને તારા અંતરનો એક તાર, બીજું હું કાંઈ ન માગું !
સુણજે આટલો આર્ત તણો પોકાર, બીજું હું કાંઈ ન માગું ! આ૦ ૧

તૂંબડું મારું પડ્યું નકામું, કોઈ જુએ ના એનાં સામું !
બાંધીશ તારા અંતરનો ત્યાં તાર, પછી મારી ધૂન જગાવું ! આ૦ ૨

એકતારો મારો ગુંજશે મીઠું, દેખશે વિશ્વ રહ્યું જે અદીઠું;
ગીતની રેલાશે એક અખંડિત ધાર, એમાં થઈ મસ્ત હું રાચું ! આ૦ ૩

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૧)

આ રે અવસરની હું તો જાઉં રે બલિહારી.

અચળ અનાદિ ઘરનું મહાસુખ પામી,
મારી વેળા વળી છે, જાઉં રે, બલિહારી. આરે૦ ૧

પૂરણ વર પામી નામે નેહ બંધાણો,
જ્યાં રે જોઉં ત્યાં પોતે, પૂર્ણાનંદ સ્વામી. મારી૦ ૨

પ્રીતમ પ્રીતે હું તો થઈ રે પનોતી,
પૂર્વનું સગપણ મેં તો, શોધીને લીધું. મારી૦ ૩

હવે ના મેલું હરિનો હાથ સાહેલી,
દુર્મતિ ટાળી દિલમાં, દર્શન દીધાં. મારી૦ ૪

હરિવરને જોઈ મારું હેડું છે ઠર્યું,
વસ્તુ વિચારી વાલમ, વાલેરો લાગે. મારી૦ ૫

અસત્ હેવાતણ મારી નજરે ન આવે,
મનડું મોહ્યું છે મારું, સત્‌ના સોહાગે. મારી૦ ૬

નિર્મળ થઈ છું હું તો નામ વસીને,
ઠીક ઠરી છું ત્યાંથી, સુરતા નવ હાલે. મારી૦ ૭

મુક્ત મહેલમાં હું તો વાસો વસી છું,
ભવનો ભય ભાગ્યો, જમનું જોર નવ ચાલે. મારી૦ ૮

અવિનાશી વરની હું તો થઈ પટરાણી,
શૂન્ય શિખરની સે'જે, મહાસુખ પામી. મારી૦ ૯

દયાળદાસે ગાયો સુરતાનો વિવાહ,
અનુભવી હોય તે લેજો, અનુભવથી જાણી. મારી૦ ૧૦

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૨)

ઊંચી મેડી તે મારા સંતની રે, મેં તો મા'લી ના જાણી રામ. ઊંચી૦ ૧

અમને તે તેડાં શીદ મોકલ્યાં, હે મારો પીંડ છે કાચો રામ;
મોંઘા તે મૂલની મારી ચૂંદડી, મેં તો મા'લી ન જાણી રામ. ઊંચી૦ ૨

અડધાં પહેર્યાં અડધાં પાથર્યાં, અડધાં ઉપર ઓઢાડ્યાં રામ;
ચારે છેડે ચારે જણા, ડોલી ડગમગ ચાલી રામ. ઊંચી૦ ૩

નથી તરાપો નથી તુંબડાં, નથી ઊતર્યાનો આરો રામ;
નરસિંહ મહેતાના સ્વામી શામળા, પ્રભુ પાર ઉતારો રામ. ઊંચી૦ ૪

* * *

(૧૩)

કાયાનો ઘડનારો ઘટમાંય, હરિવર કોઈથી જાણ્યો નવ જાય. કાયા૦

તીખું ને તૂરું જાણનારું, એક ચામડું મુખમાંયજી;
હોઠ છેટા હોય તોય, એક શબ્દ ના બોલાયજી. કાયા૦ ૧

તરસ લાગે તરફડે, ને કોણ ભૂખ્યું થાયજી;
શ્વાસ લ્યો નહીં એક પળ તો, ભીતર કોણ મૂંઝાયજી. કાયા૦ ૨

કાનમાં કહો કોણ બેઠું, શબ્દ સાંભળી જાયજી;
ગાનારાને જ્ઞાન ન મળે, કોણ ગળામાં ગાયજી. કાયા૦ ૩

શ્વાસ રહે છે ચાલતો, કહો કોણ ઊંઘી જાયજી;
આંખ નીરખે બ્રહ્માંડ આખું, જોનારો જોયો નવ જાયજી. કાયા૦ ૪

ક્યાંથી આવ્યો ક્યાં વસ્યો, પાછો ક્યાં ઊડીને સંતાયજી;
કાગ છેવટ સરવાળામાં, એ મુનિજન મૂંઝાયજી. કાયા૦ ૫

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જતી હતી હું વાટમાં, સદ્ગુરુ મળ્યા સાથમાં;
શુદ્ધ ચારિત્ર જોઈ હું તો, થંભી ગઈ થંભી ગઈ. જતી૦ ૧

નીચી નજરે ચાલતાં, પહેલું મહાવ્રત પાળતાં;
ઈર્યા સમિતિ જોઈ, હું તો થંભી ગઈ થંભી ગઈ. જતી૦ ૨

અમૃત વચનો બોલતાં, શાંત રસમાં ઝૂલતાં;
પ્રેમમૂર્તિ જોઈ, હું તો થંભી ગઈ થંભી ગઈ. જતી૦ ૩

પંચ મહાવ્રત પાળતાં, અંતરને અજવાળતાં;
શુદ્ધ જીવન જોઈને, હું તો થંભી ગઈ થંભી ગઈ. જતી૦ ૪

સંસારી સંગ છોડતાં, સ્વરૂપમાં મન જોડતાં;
નિઃસંગ ભાવ જોઈ, હું તો થંભી ગઈ થંભી ગઈ. જતી૦ ૫

દેહભાવને ભૂલતાં, આત્મભાવમાં ડોલતાં;
એવા પ્રતાપી જોઈ, હું તો થંભી ગઈ થંભી ગઈ. જતી૦ ૬

શુદ્ધ ચારિત્ર પાળતાં, આત્મ ભાવના ભાવતાં;
એવા મુનિશ્રીને જોઈ, હું તો થંભી ગઈ થંભી ગઈ. જતી૦ ૭

પાંચ સમિતિ પાળતાં, ત્રણ ગુપ્તિ ધારતાં;
શુદ્ધ સંયમ જોઈ, હું તો થંભી ગઈ થંભી ગઈ. જતી૦ ૮

અંતર સંયમ પાળતાં, મહાવીર પંથે ચાલતાં;
રાજચંદ્ર પ્રભુ જોઈ, હું તો જાગી ગઈ જાગી ગઈ. જતી૦ ૯

વંદના સ્વીકારજો, રાજચંદ્ર પ્રભુજી તારજો;
તારક પ્રભુને જોઈ, હું શરણે ગઈ શરણે ગઈ. જતી૦ ૧૦

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૫)

જનમ તેરા બાતોં હી બીત ગયો, તૂને કબહું ન કૃષ્ણ કહ્યો.

પાંચ બરસકા ભોલાભાલા, અબ તો બીસ ભયો;
મકર પચીસી માયા કારણ, દેશ વિદેશ ગયો. તૂ૦ ૧

તીસ બરસકી અબ મતિ ઊપજી, લોભ બઢે નિત નયો;
માયા કોડી લાખ કરોડી, અજહું ન તૃપ્ત ભયો. તૂ૦ ૨

વૃદ્ધ ભયો તબ આલસ ઊપજી, કફ નિત કંઠ રહ્યો;
સંત સંગતિ કબહું ન કીની, વિરથા જનમ ગયો. તૂ૦ ૩

યે સંસાર મતલબકા લોભી, ઝૂઠા ઠાઠ રચ્યો;
કહત કબીર સમજ મન મૂરખ, તૂ ક્યોં ભૂલ ગયો. તૂ૦ ૪

* * *

(૧૬)

જ્યોતસે જ્યોત જગાઓ સદ્ગુરુ, જ્યોતસે જ્યોત જગાઓ;
મેરા અંતર તિમિર મિટાઓ સદ્ગુરુ, જ્યોત સે જ્યોત જગાઓ.

હે યોગેશ્વર હે જ્ઞાનેશ્વર, હે સર્વેશ્વર હે પરમેશ્વર;
નિજ કૃપા વરસાઓ. સદ્ગુરુ૦ ૧

હમ બાલક તેરે દ્વારપે આયે, મંગલ દરશ દિખાઓ. સદ્ગુરુ૦ ૨

શિશ ઝૂકાએ કરી તેરી આરતી, પ્રેમ સુધા બરસાઓ. સદ્ગુરુ૦ ૩

અંતરમેં યુગ યુગસે સોઈ, ચિત્ત શક્તિયાં જગાઓ. સદ્ગુરુ૦ ૪

સાચી જ્યોત જગે હૃદયમેં, સોહમ્ નાદ જગાઓ. સદ્ગુરુ૦ ૫

જીવન મુક્તાનંદ અવિનાશી ચરન શરન લગાઓ. સદ્ગુરુ૦ ૬

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તારાં નયણે અમીરસ ઝરતાં રે, અમી ઝરતાં રે;
તમે છાંટો રે કૃપાળુ, અમી છાંટણાં.

અમીરસ તારા ગંગા જમના ને, ન્હાતાં પાવન કરનારા;
એ તો સ્વર્ગ તણાં સુખ આપતાં રે, દુઃખ કાપતાં રે. તમે૦ ૧

અમીરસ તારા માં ના દૂધડિયાની, વહેતી અમૃતની ધારા;
એવા અમૃતનાં પાન કરાવતાં રે, મનેં ભાવતાં રે. તમે૦ ૨

અમીરસ તારા પાન કર્યેથી, થાય કંચનવર્ણી કાયા;
એ તો ત્રિવિધના તાપને હરતાં રે, ભય ભાંગતાં રે. તમે૦ ૩

અમીરસ તારા ચોરાસી લક્ષના, ફેરાને ટાળવાવાળા;
મારાં જન્મ-મરણ દુઃખ કાપતાં રે, સુખ આપતાં રે. તમે૦ ૪

અમીરસ તારા ભકતજનોને, ખોળે રમાડી પાયા;
એવા અમીરસ આશિષ આપજો રે, તમે તારજો રે. તમે૦ ૫

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પતિ પરમકૃપાળુ મારા રે, અવિનાશી સુખ દેનારા રે;
તેને નિત્યે રાજી કરવા રે, તેની જ કૃપાને વરવા રે. પતિ૰ ૧

આ જીવન હવેનું ગાળું રે, ભવ ભણી હવે ના ભાળું રે;
એવો નિશ્ચય કરી મનમાં રે, મૂકું તેને વર્તનમાં રે. પતિ૰ ૨

તેની જ વાતો ઉચ્ચારું રે, મનમાં તેને જ વિચારું રે;
તેને જ સદા સંભારું રે, તેના પ્રતિ પ્રેમ વધારું રે. પતિ૰ ૩

પૂછું તો તેની જ વાતો રે, જાવા દઉં પર પંચાતો રે;
તેમાં જ કરું તત્પરતા રે, ના રાખું ભાવો ફરતા રે. પતિ૰ ૪

તેની આજ્ઞા નિત પાળું રે, ક્ષણ ક્ષણ મંત્રે મન વાળું રે;
બીજું ના ઇચ્છું કાંઈ રે, એ અચળ કરું ઉર માંહી રે. પતિ૰ ૫

બહુ કાળ થકી આ ઘડિયો રે, જીવ નરક નિગોદે પડિયો રે;
હવે પરમકૃપાળુ જડિયો રે, ચિંતામણિ હાથે ચઢિયો રે. પતિ૰ ૬

તો હવે ઊણપ છે શાની રે, પુરુષાર્થ માત્ર કરવાની રે;
તે કરવા મંડી પડવું રે, મુક્તિ સોપાને ચઢવું રે. પતિ૰ ૭

શું કરવા કાજે આવ્યો રે, ને શામાં કાળ ગુમાવ્યો રે;
શું કરી રહ્યો છું આજે રે, એ નિત્ય તપાસું સાંજે રે. પતિ૰ ૮

આ નીરસ છે સંસાર રે, એમ જ્ઞાની કરે પોકાર રે;
તો તેમાં ચિત્ત ન રાખું રે, એક જ ભક્તિરસ ચાખું રે. પતિ૰ ૯

રહેતાં પણ બીજે કામે રે, સીતા મન રમતું રામે રે;
તેમ પરમકૃપાળુ શરણે રે, રહી કરું લીનતા સ્મરણે રે. પતિ૰ ૧૦

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરકમ્મા કરીને લાગું પાય રે, સદ્‌ગુરુજી મારા,
તમો મળ્યાથી મહા સુખ થાય રે, વિશ્વંભર વા'લા. ૧

ભટકી ભટકીને આવ્યો શરણે રે, સદ્‌ગુરુજી મારા;
રાખો તમારે ચરણે રે, વિશ્વંભર વા'લા. ૨

દીનબંધુ દીન પ્રતિપાળ રે, સદ્‌ગુરુજી મારા;
હું છું અજ્ઞાની નાનું બાળ રે, વિશ્વંભર વા'લા. ૩

નજરો કરો તો લીલા નીરખું રે, સદ્‌ગુરુજી મારા;
હૃદયકમળમાં ઘણું હરખું રે, વિશ્વંભર વા'લા. ૪

માયાના બંધથી છોડાવો રે, સદ્‌ગુરુજી મારા;
ભક્તિના ભેદ બતાવો રે, વિશ્વંભર વા'લા. ૫

ત્રિવિધ તાપ શમાવો રે, સદ્‌ગુરુજી મારા;
ભવસાગર પાર ઉતારો રે, વિશ્વંભર વા'લા. ૬

તૃષ્ણાના પૂરમાં તણાયો રે, સદ્‌ગુરુજી મારા;
બૂડતાં બાંય મારી ગ્રાહો રે, વિશ્વંભર વા'લા. ૭

કામી ક્રોધી ને લોભી જાણી રે, સદ્‌ગુરુજી મારા;
દાસ સર્વને લેજો તારી રે, વિશ્વંભર વા'લા. ૮

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૨૦)

જાગીને જોઉં તો જગત દીસે નહીં,
ઊંઘમાં અટપટા ભોગ ભાસે;
ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે,
બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે. જાગી૦ ૧

પંચ મહાભૂત પરિબ્રહ્મ વિષે ઊપજ્યાં,
અણુ અણુ માંહી રહ્યા રે વળગી;
ફૂલ ને ફળ તે તો વૃક્ષનાં જાણવાં,
થડ થકી ડાળ તે નહિ રે અળગી. જાગી૦ ૨

વેદ તો એમ વદે, શ્રુતિ-સ્મૃતિ શાખ દે,
કનક કુંડળ વિષે ભેદ નોયે;
ઘાટ ઘડ્યા પછી, નામ રૂપ જૂજવાં,
અંતે તો હેમનું હેમ હોયે. જાગી૦ ૩

જીવ ને શિવ તો, આપ ઈચ્છાએ થયા,
રચી પરપંચ ચૌદ લોક કીધા;
ભણે નરસૈંયો એ, તે જ તું, તે જ તું,
એને સમર્યાથી કંઈ સંત સીધ્યાં. જાગી૦ ૪

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હૈ આંખ વો જો શ્યામ કા દરશન કિયા કરે,
હૈ શિશ વો જો પ્રભુ ચરન મેં વંદન કિયા કરે;
બેકાર વો મુખ હૈ જો રહે વ્યર્થ બાતો મેં,
મુખ વો હૈ જો હરિનામકા સુમિરન કિયા કરે. ૧

હીરે મોતી .....
હીરે મોતી સે નહીં શોભા હૈ હાથકી,
હૈ હાથ જો ભગવાન કા પૂજન કિયા કરે;
મરકર ભી અમર નામ હૈં ઉસ જીવકા જગ મેં,
પ્રભુ પ્રેમ મેં બલિદાન જો જીવન કિયા કરે. ૨

ઐસી લાગી લગન મીરાં હો ગઈ મગન,
વો તો ગલી ગલી હરિ ગુન ગાને લગી;
મહલોંમેં પલી બનકે જોગન ચલી,
મીરાં રાની દીવાની કહાને લગી. વો૦ ૩

કોઈ રોકે નહીં કોઈ ટોકે નહીં,
મીરાં ગોવિંદ ગોપાલ ગાને લગી;
બૈઠી સંતનકે સંગ રંગી મોહનકે રંગ,
મીરાં પ્રેમી પ્રીતમકો મનાને લગી વો૦ ૪

રાણાને વિષ દિયા માનો અમૃત પિયા,
મીરાં સાગરમેં સરિતા સમાને લગી;
દુઃખ લાખોં સહે મુખસે ગોવિંદ કહે,
મીરાં ગોવિંદ ગોપાલ ગાને લગી. વો૦ ૫

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૨૨)

ચદરિયા ઝીની રે બીની, કે રામ નામ રસભીની.

અષ્ટ કમલકા ચરખા બનાયા, પાંચ તત્ત્વકી પૂની;
નવ દસ માસ બુનનકો લાગે, મૂરખ મૈલી કીની. ચદરિયા૦ ૧

જબ મોરી ચાદર બન ઘર આઈ, રંગરેજકો દીની;
ઐસા રંગ રંગા રંગરેઝને, લાલો લાલ કર દીની. ચદરિયા૦ ૨

ચાદર ઓઢ શંકા મત કરીઓ, દો દિન તુમકો દીની;
મૂરખ લોગ ભેદ નહીં જાને, દિન દિન મૈલી કીની. ચદરિયા૦ ૩

ધ્રુવ પ્રહ્‌લાદ સુદામાને ઓઢી, શુકદેવને નિર્મલ કીની;
દાસ કબીરને ઐસી ઓઢી, જ્યૂં કી ત્યૂં ધર દીની. ચદરિયા ૪

* * *

(૨૩)

તેરા રાજજી કરેંગે બેડા પાર, ઉદાસી મન કાહેકો કરે;
કાહેકો ડરે રે કાહેકો ડરે, તેરા૦ ૧

નૈયા તેરી રાજ હવાલે, લહર લહર હરિ આપ સંભાલે;
હરિ આપ હી ઉઠાવે તેરા ભાર. ઉદાસી૦ ૨

કાબૂમેં મઝધાર ઉસીકે, હાથોંમેં પતવાર ઉસીકે;
તેરી હાર ભી નહીં હૈ તેરી હાર. ઉદાસી૦ ૩

સહજ કિનારા મિલ જાયેગા, પરમ સહારા મિલ જાયેગા;
ડોરી સોંપકે તો દેખ ઈકબાર. ઉદાસી૦ ૪

તૂં નિર્દોષ તુઝે ક્યા ડર હૈ, પગ પગ પર સાથી ઈશ્વર હૈ;
જરા ભાવનાસે કીજિઓ પુકાર. કૃપાળુદેવ....

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગુરુ ઘેર આવ્યા તે દિવાળી, રહું રે મારા નાથને નિત્ય નિહાળી. ગુરુ

શ્રી સહજાત્મ સ્વરૂપ ધ્યાવું, શુદ્ધ ચૈતન્ય સ્વામીના ગુણ ગાઉં;
શ્રીમદ્ સદ્ગુરુ પદ શિર નામું ગુરુ ૧

સખી રે આજ આનંદની હેલી, વ્હાલાને વધાવું હું વહેલી પહેલી;
ફિરું રે હું તો ઘરમાં ઘેલી ઘેલી. ગુરુ ૨

પ્રભુજીએ પ્રીત પૂરવની પાળી, હેતે ઘેર આવ્યા હાલી ચાલી;
લાગી રે મને ગુરુપદશું તાળી. ગુરુ ૩

પ્રીતલડીના બાંધ્યા પ્રભુજી આવ્યા, સુખડાં મારાં સ્વરૂપ તણાં લાવ્યા;
મહાપ્રભુ મારાં મનડામાં ભાવ્યાં. ગુરુ ૪

કૃપાળુની કીકી કામણગારી, તેમાં સખી સુરતા સમાઈ મારી;
લીધું રે મેં તો નિજ પદ સંભારી. ગુરુ ૫

વ્હાલાજીનાં વ્હાલાં લાગે વેણાં, સ્વરૂપ જોઈ ઠરે મારાં નેણાં;
ભાગ્યાં રે મારાં ભવભવનાં મેણાં. ગુરુ ૬

યોગેશ્વરના યોગબળે ચાલી, વિજાતિ વૃત્તિ સર્વ વાળી;
સ્વજાતિની પ્રવહે પ્રણાલી. ગુરુ ૭

દીવલડા તો દિલમાં અજવાળ્યા, પરમગુરુ પોતામાં ભાળ્યા;
ગયા દિન દાસ તણાં વાળ્યા. ગુરુ ૮

પ્રભુપદ પ્રીતિ પ્રતીતિ વાધી, આત્માર્થે આજ્ઞા આરાધી;
સમ્યક્ રત્નત્રયની એકતા સાધી. ગુરુ ૯

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૨૫)

જાઓ જાઓ મેઘરાજા રાયચંદાને ધામ,
જઈને કહેજો કે માધવીએ મોકલ્યા પ્રણામ. જાઓ૦

મુખડું જોવાને ઝંખે છે પ્રાણ મળવા આવોને ચતુર સુજાણ;
વિનતી કરી કરી થાકી રીઝે નહીં મારો રામ. જાઓ૦ ૧

જીવનદોરી પળે પળે ઘટતી જાય, તમને મળવાની આશા વધતી જાય;
દીધું વચન સંભારી આવો મન વિશરામ. જાઓ૦ ૨

કોઈ કહેતું કે ધીરજ ધારી રાખ, દરશન કરવા અધીરી થઈ છે આંખ;
તારી ઘેલછામાં રંગી દીધું જીવન તમામ. જાઓ૦ ૩

અલખવાસી ! તારા ઘોડલા પલાણ, તારે પગલે બિછાવી દઉં પ્રાણ;
આતમ અરપણ કરી દઉં હૃદયાભિરામ. જાઓ૦ ૪

મુખડું જોઈને શીતળ થાશે આંખ, જ્યોતિ થાશે રોમે રોમે લાખ લાખ;
સુરતા તુજમાં સમાશે -પરને કરી રામ રામ. જાઓ૦ ૫

* * *

(૨૬)

મન લાગો મેરો યાર ફકીરીમેં.

જો સુખ પાવો રામભજનમેં, સો સુખ નાહીં અમીરીમેં;
ભલા બુરા સબકા સુનિ લીજૈ, કર ગુજરાન ગરીબીમેં. મન૦ ૧

પ્રેમનગરમેં રહની હમારી, ભલિ બની આઈ સબૂરીમેં;
હાથમેં કૂંડી, બગલમેં સોટા ચારોં દિસિ જાગીરીમેં. મન૦ ૨

આખિર યહ તન ખાક મિલેગા, કહા ફિરત મગરૂરીમેં;
કહત કબીર સુનો ભાઈ સાધો, સાહિબ મિલૈ સબૂરીમેં. મન..૦ ૩

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૨૭)

જીવનની આ પળ અણમોલ, તારા અંતરપટને ખોલ;
એક વાર તો પ્રેમથી બોલ, સહજાત્મસ્વરૂપ પરમગુરુ;
શાસ્ત્રો કહે છે વગાડી ઢોલ, મરતાં પહેલાં બાંધી છોડ; એક વાર ..૧

ઈશ્વર કેરી આ માયાને, તું પોતાની માને છે,
તારા દિલમાં જામેલી એ, ભ્રાંતિ તુજને બાંધે છે;
ભલે કમાઈ લે લાખ કરોડ, ખોટી તારી દોડાદોડ, એક વાર ..૨

ઘર મારાથી ના છૂટે, એ ખોટું તારું બહાનું છે,
બાપદાદા જ્યાં વસી ગયા, એ એક મુસાફરખાનું છે;
રાગ-દ્વેષના બંધન છોડ, પુણ્ય તણું ભાતું (નાતું) તું જોડ, એક વાર ..૩

ભૂલ થયેલી સુધારી લે, એ જ ખરો માનવ છે,
હારી બાજી જીતી લે, એમાં તારું ડહાપણ છે;
આપી આવ્યો પ્રભુને કોલ, ભક્તિરસમાં હૈયું ઝબોળ; એક વાર ..૪

સત્સંગના સંગીત મહીં, તું હરિનાં ગુણલાં ગાતો જા,
અવસર આવ્યો ફરી ન આવે,સાચો માનવ બનતો (થાતો)જા; એક વાર ..૫

* * *

(૨૮)

સત્સંગનો રસ ચાખ, પ્રાણી તું સત્સંગનો રસ ચાખ.
પ્રથમ લાગે તીખો ને કડવો, પછી આંબા કેરી શાખ. પ્રાણી૦ ૧
આ રે કાયાનો ગર્વ ન કીજે, અંતે થવાની છે ખાખ. પ્રાણી૦ ૨
હસ્તી ને ઘોડા, માલ ખજાના, કોઈ ન આવે સાથ. પ્રાણી૦ ૩
સત્સંગથી બે ઘડીમાં મુક્તિ, વેદ પૂરે છે સાખ. પ્રાણી૦ ૪
બાઈ મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, હરિચરણે ચિત્ત રાખ. પ્રાણી૦ ૫

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૨૯)

પ્રભુજી ! તુમ ચંદન હમ પાની,
જાકી અંગ અંગ બાસ સમાની. પ્રભુજી૦ ૧

પ્રભુજી, તુમ ઘન બન હમ મોરા,
જૈસે ચિતવત ચંદ્ર ચકોરા. પ્રભુજી૦ ૨

પ્રભુજી, તુમ દીપક હમ બાતી,
જાકી જ્યોતિ બરૈ દિન રાતી. પ્રભુજી૦ ૩

પ્રભુજી, તુમ મોતી હમ ધાગા,
જૈસે સોનહિં મિલત સુહાગા. પ્રભુજી૦ ૪

પ્રભુજી, તુમ સ્વામી હમ દાસા,
ઐસી ભક્તિ કરૈ રૈદાસા. પ્રભુજી૦ ૫

* * *

(૩૦)

ભજનમેં હોત આનંદ આનંદ,
બરસત શબ્દ અમીકે બાદલ, ભીંજત હૈ કોઈ સંત ભજન૦ ૧

અગ્રબાસ જહં તત્ત્વકી નદિયાં, માનો અઠારહ ગંગ;
કરી સ્નાન મગન વ્હે બૈઠે, ચઢવ શબ્દકો રંગ ભજન૦ ૨

રોમ રોમ અભિઅંત ભીંજે, પારસ પરસત અંગ;
ગહો નિજ નામ ત્રાસ તન નાહિં, સાહબ હૈ તેરે સંગ. ભજન૦ ૩

પીવત નામરસ ચહૈ ન સુધારસ, ચૂવત અમીકી ગંગ;
સો હંસા સત લોક સિધાવે, નિર્મલ પાકો અંગ ભજન૦ ૪

શ્વાસ ચાર રચ્યો હૈ સાહેબ, જહાં નહિ માયા મોહંગ;
કહે કબીર સુનો ભાઈ સાધો, જપો સોહંગ. ભજન૦ ૫

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૩૧)

પ્રેમી આવો રે, પ્રેમ સુધારસ પીવા.

અગાધ જળમાં મોતી માટે, જ્યમ પેસે મરજીવા;
ઝળહળ જ્યોતિ પ્રકટ પ્રભુ, દીસે રોમ રોમ દીવા. પ્રેમી૦ ૧

અંતરજામી સહુમાં વ્યાપક, અંતરમાં ઓળખાશે;
જડતા જાળ જન્મની જાશે, પાતક પલે થાશે. પ્રેમી૦ ૨

રાગાદિક જે દોષ હોય, તે ભક્તિભાવથી ભાગે;
ઈશ્વરની રચના દેખીને, ઉગ્ર જ્ઞાન ગુણ જાગે. પ્રેમી૦ ૩

જપ તપ જોગ જાગ વ્રત તીરથ, પંચ દેવની સેવા;
તેણે તો કાંઈ પ્રભુ નવ રીઝે, પ્રેમ લક્ષણા જેવા. પ્રેમી૦ ૪

સહુ શણગાર સુંદરી પહેરે, પણ હોય કુલક્ષણ જેને.
સાચા સ્નેહ વિના કો' કાળે, કંથ નહીં વશ તેને. પ્રેમી૦ ૫

અંતરલક્ષ-પ્રેમ પ્રભુ સાથે, એક પલક નવ ભૂલે;
જન છોટમ તે સાચી વનિતા, સ્વામી સંગ ઝૂલે. પ્રેમી૦ ૬

* * *

(૩૨)

સાધો મનકા માન ત્યાગો,
કામ, ક્રોધ સંગત દુર્જનકી, તાતે અહનિસ ભાગો. સાધો૦ ૧

સુખ દુઃખ દોનોં સમ કરિ જાનૈ, ઔર માન અપમાના;
હર્ષ શોક તે રહે અતીતા, તિન જગ તત્ત્વ પિછાના. સાધો૦ ૨

અસ્તુતિ નિંદા દોઉ ત્યાગે, ખોજૈ પદ નિરવાના;
જન નાનક યહ ખેલ કઠિન હૈ, કોઉ ગુરુમુખ જાના. સાધો૦ ૩

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૩૩)

ભોળી રે ભરવાડણ હરિને વેચવાને ચાલી રે;
ગિરિવરધારીને ઉપાડી મટુકીમાં ઘાલી રે. ભોળી૦ ૧

શેરીએ શેરીએ સાદ પાડે, કોઈને લેવા મુરારી રે;
નાથ અનાથનો વેચે ચૌટા વચ્ચે, આહીર નારી રે. ભોળી૦ ૨

વ્રજનારી પૂછે શું છે માંહી, મધુર મોરલી વાગી રે;
મટુકી ઉતારીને જોતાં, મૂર્ચ્છા સૌને લાગી રે. ભોળી૦ ૩

બ્રહ્માદિક ઇંદ્રાદિક સરખા, કૌતુક ઊભા પેખે રે;
ચૌદ લોકમાં ન માય તે, મટુકીમાં બેઠેલા દેખે રે. ભોળી૦ ૪

ભક્તજનોના ભાગ્યે વ્રજમાં, પ્રગટ્યા અંતરજામી રે;
દાસલડાને લાડ લડાવે, નરસૈંયાનો સ્વામી રે. ભોળી૦ ૫

* * *

(૩૪)

નૈયા ઝુકાવી મેં તો જોજે ડૂબી જાય ના,
ઝાંખો ઝાંખો દીવો મારો જોજે રે બુઝાય ના.

સ્વાર્થનું સંગીત ચારેકોર ગુંજે,
દુનિયામાં કોઈનું કોઈ નથી આજે,
તનનો તંબૂરો મારો બેસૂરો થાય ના. ઝાંખો૦ ૧

પાપ અને પુણ્યના ભેદ રે ભુલાતાં,
રાગ અને દ્વેષ આજે ઘટ ઘટ ઘૂંટાતાં;
જોજે આ જીવતરમાં ઝેર પ્રસરાય ના. ઝાંખો૦ ૨

શ્રદ્ધાના દીવડાને જલતો જ રાખજે,
નિશદિન સ્નેહ કેરું તેલ એમાં પૂરજે;
મનના મંદિરિયે મારે અંધારાં થાય ના. ઝાંખો૦ ૩

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૩૫)

મન ફૂલા ફૂલા ફિરે જગતમેં, કૈસા નાતા રે.

માતા કહૈ યહ પૂત હમારો, બહેન કહે વીર મેરો;
ભાઈ કહે યહ ભુજા હમારી, નારી કહે નર મેરા રે. મન૦ ૧

પેટ પકરકે માતા રોયે, બાંહ પકરકે ભાઈ;
લપટ ઝપટકે તિરિયા રોયે, હંસ અકેલા જાઈ. મન૦ ૨

ચાર ગજી ચરગજી મંગાઈ, ચડ્યો કાષ્ટકી ઘોડી;
ચારોં કોને આગ લગા દી, ફૂંક દીયો જૈસે હોરી. મન૦ ૩

હાડ જરે જુએ લાકડી ઔર, કેસ જરે જુએ ઘાંસા;
સોને જૈસી જરી ગઈ કાયા, કૌઉ ન આયો પાસા રે. મન૦ ૪

જબ તક જીયે માતા રોયે, બહેન રોયે દશ માસા;
તેરા દિવસ તક તિરિયા રોયે, ફિર કરે ઘર વાસા રે. મન૦ ૫

ઘરકી સ્ત્રી ઢૂંઢન લાગી, ઢૂંઢ ફિરી ચહું દિશા રે;
કહત કબીર સુનો ભાઈ સાધો, ઝૂઠી જગકી આશા રે. મન૦ ૬

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મને વ્હાલા શ્રી રાજ એવા, ગોપીજનને ગિરિધર જેવા. મને૦

જેવો ચન્દ્ર ચકોરીને લાગે છે પ્યારો,
જેવો દીપક પતંગિયાને છે પ્રાણ પ્યારો;
જેવું ઝૂરે છે મીન જળના વિયોગમાં,
મારો જીવ ઝૂરે છે એવો તમારા વિના;
જેવું ઝૂરે છે બાળક માતા વિના,
મારો જીવ ઝૂરે પ્રભુ તમારા વિના;
મને વ્હાલા થાઓ શ્રી રાજ એવા, જાનકીને રઘુરાય જેવા. મને૦ ૧

જેવું ચાતક રીઝે સ્વાતિ બિંદુ થકી,
મારું હૈયું રીઝે રાજ સિંધુ થકી;
જેવી ચંદાને જોઈ કુમુદિની ખીલે,
મારો આતમ તમારાં સ્વરૂપે ઝીલે;
જેવી ગંગા સમાઈ જઈ સાગર મહીં,
મારી પ્રીતિ વહો તમારા ચરણો મહીં;
મને વ્હાલા થાઓ શ્રી રાજ એવા, લઘુરાજને શ્રી રાયચન્દ્ર જેવા. મને૦ ૨

જેવી મુરલી સુણે શ્યામની રાધિકા,
એવી પ્રેમે ઝીલું શ્રી રાજ વચનસુધા;
જેવા મુનિ શાંત રહેતા સ્વરૂપ મહીં,
મારું મન શાંત હો તમારા રૂપ મહીં;
વ્હાલી તમને સ્વરૂપ સમાધિ પ્રભુ !
એવી વ્હાલપ થકી તમારા ચરણે રહું;
મને વ્હાલા થાઓ શ્રી રાજ એવા, ગૌતમને શ્રી મહાવીર જેવા. મને૦ ૩

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મનો બુદ્ધિ અહંકાર ચિત્તાનિ નાહં,
ન ચ શ્રોત્ર જિવ્હે ન ચ ધ્રાણ નેત્રે;
ન ચ વ્યોમ ભૂમિ ર્ન તેજો ન વાયુ:,
ચિદાનંદ રૂપ: શિવોઽહમ્ શિવોઽહમ્. ૧

ન વા પ્રાણ સંજ્ઞો ન વૈ પંચ વાયુ,
ન વા સપ્ત ધાતુ ન વા પંચ કોશ:;
ન વાક્પાણી પાદૌ ન ચોપસ્થ પાયુ,
ચિદાનંદ રૂપ: શિવોઽહમ્ શિવોઽહમ્. ૨

ન મે રાગદ્વેષૌ ન મે લોભમોહૌ,
મદો નૈવ મે નૈવ માત્સર્ય ભાવ:;
ન ધર્મો ન ચાર્થો ન કામો ન મોક્ષ:,
ચિદાનંદ રૂપ: શિવોઽહમ્ શિવોઽહમ્. ૩

ન પુણ્યં ન પાપં ન સૌખ્યં ન દુ:ખં,
ન મંત્રો ન તીર્થો ન વેદો ન યજ્ઞ:;
અહં ભોજનં નૈવ ભોજ્યં ન ભોક્તા,
ચિદાનંદ રૂપ: શિવોઽહમ્ શિવોઽહમ્. ૪

ન મે મૃત્યુશંકા ન મે જાતિભેદ:,
પિતા નૈવ મે નૈવ માતા ન જન્મ;
ન બંધુર્ન મિત્રં ગુરુ નૈવ શિષ્યં:,
ચિદાનંદ રૂપ: શિવોઽહમ્ શિવોઽહમ્. ૫

અહં નિર્વિકલ્પો નિરાકારરૂપો,
વિભૂવ્યાપ્ત સર્વત્ર સર્વેન્દ્રિયાણાં;
સદા મે સમત્વં ન મુક્તિર્ન બંધ:,
ચિદાનંદ રૂપ: શિવોઽહમ્ શિવોઽહમ્. ૬

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મંદિરે પધારો સ્વામી સલૂણા !
તમારા વિના નાથ ક્યાયે ગમે ના. મંદિરે૦

અંતરની વાતો આંસુ કહે છે,
કૃપાળુ ! હવે ઝાઝું તલસાવશો મા. મંદિરે૦ ૧

સ્મરણ જન્મ જૂનાં સ્મૃતિ માંહી આવે,
નયન શોધતાં તમને પ્રભુ આર્તભાવે,
કે મુખ પરથી દૃષ્ટિ હટાવી હટે ના. મંદિરે૦ ૨

હરખાતી પળ પળ પ્રભુ તમને જોઈ,
હવે દિન વિરહમાં વીતે રોઈ રોઈ,
વિજોગનું દુઃખ આવું કોઈને હશો ના. મંદિરે૦ ૩

તમે જઈ વસ્યા સ્વામી સ્વરૂપમહેલમાં,
રઝળતી હું રહી આ સંસારરણમાં,
હવે નાથ અંતરથી અળગા થશો મા. મંદિરે૦ ૪

પ્રભુ, મુજને તારો ! ઉગારો ! ઉગારો !
મૂકી મસ્તકે હાથ ઘોને સહારો,
ક્ષમાવંતને ઝાઝું કહેવું ઘટે ના. મંદિરે૦ ૫

અંતરની જ્યોતિ પ્રગટાવી જાઓ,
મનોહર મુખડું દરશાવી જાઓ,
અમી આતમનાં છલકાવી જાઓ,
દિલાસાથી દિલનું દુઃખ જશે ના. મંદિરે૦ ૬

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૩૯)

મેરા સત્ ચિત્ આનંદરૂપ, કોઈ કોઈ જાને રે. મેરા.

દ્વૈત વચનકા મૈં હૂં સ્રષ્ટા, મન-વાણીકા મૈં હૂં દ્રષ્ટા;
મૈં હૂં સાક્ષી રૂપ. કોઈ.૧

પંચકોષમેં મૈં હૂં ન્યારા, તીન અવસ્થાસે ભી ન્યારા;
અનુભવ સિદ્ધ અનૂપ. કોઈ.૨

જન્મ-મરણ મેરા ધર્મ નહીં હૈ, પાપ-પુણ્ય કુછ કર્મ નહીં હૈ;
અજ નિર્લેપી અરૂપ. કોઈ.૩

સૂર્ય-ચંદ્રમેં તેજ મેરા હૈ, અગ્નિમેં ભી ઓજ મેરા હૈ;
મૈં અદ્વૈત સ્વરૂપ. કોઈ.૪

તીન લોકકા મૈં હૂં સ્વામી, ઘટ ઘટ વ્યાપક અંતરયામી;
જ્યોં માલામેં સૂત. કોઈ.૫

રાજેશ્વર નિજ રૂપ પિછાનો, જીવ બ્રહ્મમેં ભેદ ન માનો;
મૈં હૂં બ્રહ્મ સ્વરૂપ. કોઈ.૬

* * *

(૪૦)

મ્હારે જનમ મરણરા સાથી, થાને નહિ બિસરું દિન-રાતી.

થાં દેખ્યાં બિન કલ ન પડત હૈ, જાણત મેરી છાતી;
ઊંચી ચઢ ચઢ પંથ નિહારું રોય રોય અંખિયાં રાતી. મ્હારે.૧

યો સંસાર સકલ જગ ઝૂઠો ઝૂઠા કુલરા ન્યાતી;
દોઉ કર જોડ્યા અરજ કરું છું, સુણ લીજ્યા મારી બાતી. મ્હારે.૨

યો મન મેરો બડો હરામી, જ્યું મદમાતો હાથી;
સત્ગુરુ હાથ ધર્યો સિર ઉપર, આકુસ દૈ સમઝાતી. મ્હારે.૩

પલ પલ પીવકો રૂપ નિહારું, નિરખ નિરખ સુખ પાતી;
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, હરિચરણાં ચિત્ત રાતી. મ્હારે.૪

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૪૧)

રાજ રંગભીના મારે મંદિરે પધારો,
હૈયાના હેતે તમને દઉં આવકારો. મંદિરે૦

જનમો જનમથી ઝૂરે છે ચેતના,
ક્યાં સુધી દેશો વ્હાલા વિરહ વેદના,
સુણવાને ઝંખું મીઠો બોલ તમારો. મંદિર૦ ૧

ભણકારા વાગે જાણે આવે રાજ નમણા,
જાગીને જોઉં તો છેતરતી ભ્રમણા,
ભ્રમણાનો પરદો તોડી, દ્યોને સહારો. મંદિર૦ ૨

વસતી જો તમ હૈયે અતિશય કરુણા,
મુખડું બતાવો મારા સમજુ સલૂણા,
વિરહી હૃદયની વિનંતી સ્વીકારો. મંદિરે૦ ૩

* * *

(૪૨)

શું શોધે સજની ? તારું અંતર જોને ઉઘાડી;
તને શું સમજાવે દાડી-દાડી રે. શું શોધે ? શું૦ ૧

ગુરુગમ કૂંચી કરમાં લઈને, ઊઘડે અજ્ઞાન તાળું;
આજ્ઞાચક્રની ઉપર જોતાં, ત્યાં થાશે અજવાળું રે. શું૦ ૨

નિર્મળ નૂર નિરંતર વરસે, મહા મનોહર મોતી;
અનહદ નાદ અહોનિશ બાજે, ઝળહળ દરસે જ્યોતિ રે. શું૦ ૩

ઓમ્કાર નાદ અહોનિશ થાયે, ચિદાનંદ નિધિમાંથી;
સોહમ્ પ્રકાશ કરે રગ રગમાં, ગુરુ વિના એ ગમ ક્યાંથી રે. શું૦ ૪

દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય ? ...૧૮

અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય ? ...૧૯

પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માગું એ જ;
સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દે જ. ...૨૦

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

યમનિયમ સંજમ આપ કિયો, પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો;
વનવાસ લિયો મુખ મૌન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાય દિયો. ...૧

મન પૌન નિરોધ સ્વબોધ કિયો, હઠજોગ પ્રયોગ સુ તાર ભયો;
જપ ભેદ જપે તપ ત્યોંહિ તપે, ઉરસેંહિ ઉદાસી લહી સબપેં. ...૨

સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે, મત મંડન ખંડન ભેદ લિયે;
વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો. ...૩

અબ ક્યોં ન બિચારત હૈ મનસેં, કછુ ઔર રહા ઉન સાધનસેં ?
બિન સદ્‌ગુરુ કોય ન ભેદ લહે, મુખ આગલ હૈં કહ બાત કહે ? ...૪

કરુના હમ પાવત હૈ તુમકી, વહ બાત રહી સુગુરુગમકી;
પલમેં પ્રગટે મુખ આગલસેં જબ સદ્‌ગુરુચર્ન સુપ્રેમ બસેં ...૫

તનસેં, મનસેં, ધનસેં, સબસેં, ગુરુદેવકી આન સ્વ-આત્મ બસેં;
તબ કારજ સિદ્ધ બને અપનો, રસ અમૃત પાવહિ પ્રેમ ઘનો. ...૬

વહ સત્ય સુધા દરશાવહિંગે, ચતુરાંગુલ હે દૃગસેં મિલહે;
રસ દેવ નિરંજન કો પિવહી, ગહિ જોગ જુગોજુગ સો જીવહી. ...૭

પરપ્રેમપ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસેં;
વહ કેવલકો બીજ ગ્યાનિ કહે, નિજકો અનુભૌ બતલાઈ દિયે. ...૮

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૦૭)

સુણો શાંતિ જિણંદ સોભાગી, હું તો થયો છું તુજ ગુણરાગી;
તુમે નિરાગી ભગવંત, જોતાં કેમ મલશે તંત. સુણો. ...૧

હું તો ક્રોધ કષાયનો ભરિયો, તું તો ઉપશમ રસનો દરિયો;
હું તો અજ્ઞાને આવરિયો, તું તો કેવલ કમલા વરિયો. સુણો. ...૨

હું તો વિષયારસનો આશી, તેં તો વિષયા કીધી નિરાશી;
હું તો કર્મને ભારે ભર્યો, તેં તો પ્રભુભાર ઉતાર્યો સુણો. ...૩

હું તો મોહ તણે વશ પડિયો, તું તો સઘળા મોહને નડિયો;
હું તો ભવસમુદ્રમાં ખૂંતો, તું તો શિવમંદિર પહોતો. સુણો. ...૪

મારે જન્મમરણનો જોરો, તેં તો તોડ્યો તેહનો દોરો;
મારો પાસો ન મેલે રાગ, તમે પ્રભુજી થયા વીતરાગ. સુણો. ...૫

મને માયાએ મૂક્યો પાશી, તું તો નિરબંધન અવિનાશી;
હું તો સમકિતથી અધૂરો, તું તો સકલ પદારથે પૂરો. સુણો. ...૬

મારે છો તું હિ પ્રભુ એક, ત્હારે મુજ સરીખા અનેક;
હું તો મનથી ન મૂકું માન, તું તો માનરહિત ભગવાન. સુણો. ...૭

મારું કીધું તે શું થાય, તું તો રંકને કરે રાય;
એક કરો મુજ મહેરબાની, મ્હારો મુજરો લેજો માની. સુણો. ...૮

એકવાર જો નજરે નીરખો, તો કરો મુજને તુમસરીખો;
જો સેવક તુમ સરીખો થાશે, તો ગુણ તમારા ગાશે. સુણો. ...૯

ભવોભવ તુમ ચરણોની સેવા, હું તો માગું છું દેવાધિદેવા;
સામું જુઓને સેવક જાણી, એવી ઉદયરત્નની વાણી. સુણો. ...૧૦

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૦૮)

અબ ચલો સંગ હમારે કાયા, તોહે બહુત જતન કર રાખી ...અબ ચલો..

તો યે કારણે મેં જીવ સંહારે, બોલે જૂઠ અપારે,
ચોરી કરી પરનારી સેવી, જૂઠ પરિગ્રહ ધારે. ...૧

પટ આભૂષણ સૂંઘા, ચૂઆ, અશન પાન નિત્ય ન્યારે,
ફેર દિન ષટ્રસ તોએ સુંદર, તે સબ મલકર ડારે ...૨

જીવ સુણો યહ રીત અનાદિ, કહા કહત વારંવારે,
મૈં ન ચલૂંગી તોરે સંગ ચેતન, પાપ પુન્ય દો તારે. ...૩

જિનવર નામ સાર ભજ આતમ, કહાં ભરમ સંસારે,
સદ્ગુરુ વચન પ્રતીત ભયે તબ, આનંદઘન ઉપકારે. ...૪

* * *

(૧૦૯)

અવધૂ કયા માગું ગુનહીના, વે ગુન ગાન ન પ્રવીના
ગાય ન જાનૂં બજાય ન જાનૂં ન જાનૂં સુરભેવા;
રીઝ ન જાનૂં રીઝાય ન જાનૂં ન જાનૂં પદસેવા. અવધૂ. ૧

વેદ ન જાનૂં કિતાબ ન જાનૂં, જાનૂં ન લક્ષણ છંદા;
તરકવાદ વિવાદ ન જાનૂં, ન જાનૂં કવિફંદા.... અવધૂ. ૨

જાપ ન જાનૂં, જુવાબ ન જાનૂં, ન જાનૂં કથવાતા;
ભાવ ન જાનૂં ભગતિ ન જાનૂં, જાનૂં ન સીરા તાતા.... અવધૂ. ૩

ગ્યાન ન જાનૂં વિગ્યાન ન જાનૂં, ન જાનૂં ભજનામા (પદનામા)
આનંદઘન પ્રભુ કે ઘરદ્વારેં, રટન કરું ગુણધામા.... અવધૂ. ૪

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## (૧૧૦)

અવધૂ નામ હમારા રાખે, સો હી પરમ મહારસ ચાખે. અવધૂ.

નહીં હમ પુરુષા નહીં હમ નારી, વરન ન ભાત હમારી;
જાતિ ન પાતિ ન સાધન સાધક, નહીં હમ લઘુ નહીં ભારી. અવધૂ. ૧

નહીં હમ તાતે નહીં હમ સીરે, નહીં હમ દીર્ઘ નહીં છોટા;
નહીં હમ ભાઈ નહીં હમ ભગિની, નહીં હમ બાપ ન બેટા. અવધૂ. ૨

નહીં હમ મનસા નહીં હમ શબદા, નહીં હમ તનકી ધરણી;
નહીં હમ ભેખ ભેખધર નાહી, નહીં હમ કરતા કરણી. અવધૂ. ૩

નહીં હમ દરસન નહીં હમ પરસન, રસ ન ગંધ કછુ નાહી;
આનંદઘન ચેતનમય મૂરતિ, સેવકજન બલિ જાહીં. અવધૂ. ૪

* * *

## (૧૧૧)

પગ મને ધોવા દયોને રઘુરાઈ
પ્રભુ મને શક પડ્યો મનમાંઈ. પગ...

રામ લક્ષ્મણ જાનકીજી તીર ગંગાને જાયજી,
નાવ માગી નીર ઉતરવા ગૂહ બોલ્યો ગમખાઈ. પગ...
રજ તમારી કામણગારી નાવ નારી થઈ જાય જી,
તો તો અમારા રંકજનની આજીવિકા રે ટળી જાય, પગ...
જોઈ ચતુરતા ભીલ જનની જાનકી મુસ્કાયજી,
અભણ કેવું યાદ રાખે ભણેલ ભૂલી જાય. પગ...
બાવડી જાલી નદ્વવડીમા રામ ને ગુરુરાયજી,
પાર ઉતારી પૂછ્યું રામે શું લેશો ઉતરાઈ. પગ...
નાઈની કદી નાઈ લે નહિ આપણ ધંધાભાઈજી,
કાગ કહે ઓલ્યા ખારવાની ખારવો લે ન ઉતરાઈ. પગ...

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૧૨)

અવધૂ સો જોગી ગુરુ મેરા, ઈન પદકા કરે રે નિવેડા. અ. ૧

તરુવર એક મૂલ બિન છાયા, બિન ફૂલેં ફલ લાગા;
શાખા પત્ર નહીં કછુ ઉનકૂં, અમૃત ગગનેં લાગા. અ. ૨

તરુવર એક પંછી દોઉ બેઠે, એક ગુરુ એક ચેલા;
ચેલેને જુગ ચુણ ચુણ ખાયા, ગુરુ નિરંતર ખેલા. અ. ૩

ગગન મંડલકે અધબિચ કૂવા, ઉહાં હૈ અમીકા વાસા;
સગુરા હોવે સો ભર ભર પીવે, નગુરા જાવે પ્યાસા. અ. ૪

ગગન મંડલમેં ગઉઆં બિહાની, ધરતી દૂધ જમાયા;
માખન થા સો વિરલા પાયા, છાસેં જગત ભરમાયા. અ. ૫

થડ બિનું પત્ર પત્ર બિનું તુંબા, બિન જીભ્યા ગુણ ગાયા;
ગાવન વાલેકા રૂપ ન રેખા, સુગુરુ સોહી બતાયા. અ. ૬

આતમ અનુભવ બિન નહીં જાને, અંતર જ્યોતિ જગાવે;
ઘટ અંતર પારખે સોહી મૂરતિ, આનંદઘન પદ પાવે. અ. ૭

* * *

(૧૧૩)

સુહાગણ ! જાગી અનુભવ પ્રીત, સુહાગણ;
નિંદ અનાદિ અજ્ઞાનકી મિટ ગઈ નિજ રીત. સુ. ૧

ઘટમંદિર દીપક કિયો, સહજ સુજ્યોતિ સરૂપ;
આપ પરાઈ આપુહી, ઠાનત વસતુ અનૂપ. સુ. ૨

કહા દિખાવું ઔરકું, કહાં સમજાઉં ભોર;
તીર અચૂક હૈ પ્રેમકા,લાગે સો રહે ઠોર. સુ. ૩

નાદ વિલુદ્ધો પ્રાણકૂં, ગિને ન તૃણ મૃગલોય;
'આનંદઘન' પ્રભુ પ્રેમકી, અકથ કહાની હોય. સુ. ૪

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૧૪)

જીય જાને મેરી સફલ ઘરીરી; જીય.

સુત વનિતા યૌવન ધન માતો,
ગર્ભતણી વેદન વિસરીરી. જીય. ૧

સુપનકો રાજ સાચ કરી માનત, રાચત છાંહ ગગન બદરીરી;
આઈ અચનાક કાલ તોપચી,
ગહેગો જ્યું નાહર બકરીરી જીય. ૨

અજહુ ચેત કછુ ચેતત નાંહિ, પકરી ટેક હારિલ લકરીરી;
'આનંદઘન' હીરો જન છાંડી,
નર મોહ્યો માયા કકરીરી. જીય. ૩

* * *

(૧૧૫)

મહારો બાલુડો સંન્યાસી, દેહ દેવલ મઠવાસી. મહારો.

ઈડા પિંગલા મારગ તજી યોગી, સુખમના ઘરવાસી;
બ્રહ્મરંધ્ર મધિ આસન પૂરી બાબુ, અનહદ તાન બજાસી. મહારો. ૧

યમ નિયમ આસન જયકારી, પ્રાણાયામ અભ્યાસી;
પ્રત્યાહાર ધારણા ધારી, ધ્યાન સમાધિ સમાસી. મહારો. ૨

મૂલ ઉત્તારગુણ મુદ્રાધારી, પર્યંકાસન ચારી;
રેચક પૂરક કુંભક સારી, મન ઇંદ્રિય જયકારી. મહારો. ૩

થિરતા જોગ જુગતિ અનુકારી, આપોઆપ વિમાસી;
આતમ પરમાતમ અનુસારી, સીઝે કાજ સમાસી. મહારો. ૪

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો,
તે જ હું તે જ હું શબ્દ બોલે;
શ્યામના ચરણમાં ઇચ્છું છું મરણ રે,
અહીંયાં કોઈ નથી કૃષ્ણ તોલે; ની.૧

શ્યામ શોભા ઘણી, બુદ્ધિ નવ શકે કળી,
અનંત ઓચ્છવમાં પંથ ભૂલી;
જડ અને ચેતન રસ કરી જાણવો,
પકડી પ્રેમે સજીવન મૂળી; ની.૨

ઝળહળ જ્યોત ઉદ્યોત રવિકોટમાં,
હેમની કોર જ્યાં નીસરે તોલે;
સચ્ચિદાનંદ આનંદ કીડા કરે,
સોનાનાં પારણાંમાં હી ઝૂલે. ની.૩

બત્તીવિણ, તેલવિણ, સૂત્રવિણ જો વળી,
અચળ ઝળકે સદા અનળ દીવો;
નેત્ર વિણ નીરખવો, રૂપ વિણ પરખવો,
વણ જિહ્વાએ રસ સરસ પીવો. ની.૪

અકળ અવિનાશી એ, નવ જ જાયે કળ્યો,
અરધ ઉરધની માંહે મ્હાલે;
નરસૈંયાનો સ્વામી, સકળ વ્યાપી રહ્યો,
પ્રેમના તંતમાં સંત ઝાલે. ની.૫

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૧૭)

નિશદિન જોઉં તારી વાટડી, ઘરે આવો રે ઢોલા;
મુજ સરિખી તુજ લાખ હૈ, મેરે તૂહી અમોલા. નિશ૰ ૧

જવહરી મોલ કરે લાલકા, મેરા લાલ અમોલા;
જયાકે પટંતર કો નહીં, ઉસકા કયા મોલા. નિશ૰ ૨

પંથ નિહારત લોયણેં, દ્રગ લાગી અડોલા;
જોગી સુરત સમાધિમાં, મુનિ ધ્યાન ઝકોલા. નિશ૰ ૩

કૌન સુને કિનકું કહૂં, કિમ માંડું મૈં ખોલા;
તેરે મુખ દીઠે ટલે, મેરે મનકા ચોલા. નિશ૰ ૪

મિત્ત વિવેક વાતેં કહૈં, સુમતા સુનિ બોલા;
'આનંદઘન' પ્રભુ આવશે, સેજડી રંગ રોલા. નિશ૰ ૫

* * *

(૧૧૮)

અવધૂ અનુભવકલિકા જાગી,
મતિ મેરી આતમ સમરન લાગી; અવધૂ૰ ૧

જાયે ન કબહુ ઔર ઢિગનેરી, તેરી વનિતા વેરી;
માયા ચેડી કુટુંબ કરી હાથે, એક દેઢ દિન ઘેરી. અવધૂ૰ ૨

જનમ જરા મરણ વસી સારી, અસરન દુનિયાં જેતી;
દેઢવ કાંઈ ન બાગમેં મીયાં, કિસપર મમતા એતી અવધૂ૰ ૩

અનુભવ રસમેં રોગ ન સોગા, લોકવાદ બસ મેટા;
કેવળ અચલ અનાદિ અબાધિત, શિવશંકરકા ભેટા. અવધૂ૰ ૪

વર્ષાબુંદ સમુંદ સમાની, ખબર ન પાવે કોઈ;
'આનંદઘન' વ્હૈ જ્યોતિ સમાવે, અલખ કહાવે સોઈ. અવધૂ૰ ૫

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## (૧૧૯)

દેખો એક અપૂરવ ખેલા, આપહી બાજી આપહી બાજીગર;
આપ ગુરુ આપ ચેલા. દેખો૦ ૧

લોક અલોક બિચ આપ બિરાજિત, ગ્યાન પ્રકાશ અકેલા;
બાજી છાંડ તહાં ચઢ બૈઠે, જિહાં સિંધુકા મેલા. દેખો૦ ૨

વાગ્વાદ ખટ નાદ સહુમેં, કિસકે કિસકેં બોલા;
પાહણકો ભાર કાંહી ઉઠાવત, એક તારેકા ચોલા. દેખો૦ ૩

ષટ્પદ પદકે જોગ સિરિખસ, ક્યોં કર ગજપદ તોલા;
'આનંદઘન' પ્રભુ આય મિલ્યો તુમ,
મિટ જાય મનકા ઝોલા. દેખો૦ ૪

* * *

## (૧૨૦)

કિત જાનમતેં હો પ્રાણનાથ,
ઈત આપ નિહારો ઘરકો સાથ. ..૧

ઉત માયા કાયા કબ ન જાત,
યહુ જડ તુમ ચેતન જગ વિખ્યાત;
ઉત કરમ ભરમ વિષ વેલિ સંગ,
ઈત પરમ નરમ મતિ મેલિ રંગ. ..૨

ઉત કામ કપટ મદ મોહ માન,
ઈત કેવળ અનુભવ અમૃતપાન;
અલિ કહે સમતા ઉત દુઃખ અનંત,
ઈત ખેલે આનંદઘન વસંત. ..૩

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૨૧)

અબ જાગો પરમગુરુ પરમદેવ પ્યારે,
મેટહું હમ તુમ બિચ ભેદ. ૧

આલી લાજ નિગોરી ગમારી જાત,
મુહિ આન મનાવત વિવિધ ભાત. ૨

અલિ પર નિર્મૂલી કુલટી કાન,
મુનિ તુહિ મિલન બિચ દેત હાન. ૩

પતિ મતવારે ઔર રંગ,
રમે મમતા ગણિકાકે પ્રસંગ. ૪

જબ જડ તો જડ વાસ અંત,
ચિત્ત ફૂલે 'આનંદઘન' ભઈ વસંત. ૫

* * *

(૧૨૨)

અવધૂ પિયો અનુભવ રસ પ્યાલા, કહત પ્રેમ મતવાલા;
અંતર સપ્ત ધાતુ રસ ભેદી, પરમ પ્રેમ ઉપજાવે;
પૂરવ ભાવ અવસ્થા પલટી, અજબ રૂપ દરસાવે. અવધૂ૦ ૧

નખ શિખ રહત ખુમારી જાકી, સજલ સઘન ઘન જૈસી;
જિને એ પ્યાલા પિયા, તિનકું ઔર કેફ રતિ કૈસી. અવધૂ૦ ૨

અમૃત હોય હલાહલ જાકૂં, રોગ શોક નહીં વ્યાપે;
રહત સદા ગરકાવ નસામેં, બંધન મમતા કાપે. અવધૂ૦ ૩

સત્ય સંતોષ હિયામેં ધારે, આતમ કાજ સુધારે;
દીનભાવ હિરદે નહીં આણે, અપનો બિરુદ સંભારે અવધૂ૦ ૪

ભાવ દયા રણથંભ રોપકે, અનહદ તૂર બજાવે;
ચિદાનંદ અતુલીબલ રાજા, જીત અરિ ઘર આવે. અવધૂ૦ ૫

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પૂરવ પુણ્ય ઉદય કરી ચેતન, નીકા નરભવ પાયારે.

દીનાનાથ દયાળ દયાનિધિ, દુર્લભ અધિ બતાયા રે;
દશ દૃષ્ટાંતે દોહિલા નરભવ, ઉત્તરાધ્યયને ગાયા રે. પૂ૰ ૧

અવસર પાય વિષય રસ રાચત, તે તો મૂઢ કહાયા રે;
કાગ ઉડાવણ કાજ વિપ્ર જિમ, ડાર મણિ પછતાયા રે. પૂ૰ ૨

નદી ઘોલ પાસાન ન્યાય કર, અર્ધ વાટ તો આયા રે;
અર્ધ સુગમ આગલ રહી તિનકૂં, જિન કછુ મોહ ઘટાયારે. પૂ૰ ૩

ચેતન ! ચારગતિમેં નિશ્ચે, મોક્ષદ્વાર એ કાયા રે;
કરત કામના સુર પણ યાકી જિનકૂં અનર્ગલ માયા રે. પૂ૰ ૪

રોહણગિરિ જિમ રતનખાણ તિમ, ગુણી સહુ યામેં સમાયા રે;
મહિમા મુખથી વરણાત જાકી, સુરપતિ મન શંકાયા રે. પૂ૰ ૫

કલ્પવૃક્ષ સમ સંયમ કેરી અતિ શીતલ જિહાં છાયા રે;
ચરણ કરણ ગુણ ધરણ મહામુનિ, મધુકર મન લોભાયા રે. પૂ૰ ૬

યા તન વિણ તિહું કાલ કહો કિન, સાચા સુખ નિપજાયા રે;
અવસર પાય ન ચૂક ચિદાનંદ, સત્‌ગુરુ યું દરસાયા રે. પૂ૰ ૭

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૨૪)

કોઈ અજબ તમાસા દેખા, જહાં રૂપ રંગ નહીં રેખા-ટેક
અજબ ગેલી એક મહેલ બન્યા હૈ સબ દુનિયાસે ન્યારા.

ચંદ સૂરજકી કિરન ન પહુંચે.
અખંડ જ્યોત ઉજીયારી. કોઈ.૧

બિના મૂલકા બાગ બન્યા હૈ,
ચહું દીસ લગે ફુવારા;
બિના પાંખકે ભમરા બૈઠા,
મગન પ્રેમ મતવારા. કોઈ.૨

અધર સરોવર અમૃત ભરીયા,
વાપર બેઠે હંસા;
મુગતા ફળકો ચુગ ચુગ ખાવે,
વાકો લહું ન મંસા. કોઈ.૩

બાનન વાલા બાન ચલાવે,
અધર નિશાન ઉડાવે;
પાડ સો તો જુગ જુગ જીવે,
ચૂકે સો તો મર જાવે. કોઈ.૪

બિના બાદર મેહ મંડાણા,
ધરતી પડે ન પાણી;
જાનનહારે ભેદ વિચારે,
એહ પ્રવીણ નિશાની. કોઈ.૫

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નામ સુધારસ સાર સરવમાં, પરખી પ્રેમેશુ પીધો રે - ટેક

ભૂતળ પતિપદ તેને ન ભાવે,
લહાવો નૌતમ લીધો રે. ના૦૧

એ રસ મોંઘો મૂલે મળે નહીં,
વૈકુંઠ નાથને વ્હાલો રે,
અજ ઉમિયાપતિ ઈચ્છક એના,
અદ્વૈત પદનો પ્યાલો રે. ના૦૨

પુરણ બ્રહ્મ એ રસને પ્રીછો,
નથી સમોવડ એવો રે;
જગતનું જીવન એને રે કહીએ,
મહા વીરલાનો મેવો રે. ના૦૩

કોટી જગતને જપતપ તીરથ,
તો એ તુલ્ય ન આવે રે;
પૃથ્વી પાત્રને મૂકતા ભરીયું,
એથી અધિક પાવે રે. ના૦૪

નામ સમોવડ કોઈ ન આવે,
અમૂલ્ય વસ્તુ એવી રે;
સદ્‌ગુરુ સ્વામી કૃપા કરે તો,
ત્યાંથી મળે તેવી રીતે. ના૦૫

દુર્લભ દીઠો ને મહારસ મીઠો,
સ્વાદ કહ્યો ન જાય રે;
નીરાંત નામ સુધારસ પીતાં,
હરિ સરખો થઈ જાવે રે. ના૦૬

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મેરુ તો ડગે પણ જેનાં મનડાં ડગે નહીં, ભાંગી પડે બ્રહ્માંડજી;
વિપત્તિ પડે તોયે વણસે નહીં જોને, સોઈ મારા હરિજનનાં પરમાણજી.
મેરુ૦ ૧

ચિત્તની તો વૃત્તિ જેની સદાય જ નિર્મળ, ને કોઈની કરે નહીં આશજી;
દાન દેવે પણ રહેવે અજાચી, રાખે વચનમાં વિશ્વાસ રે.
મેરુ૦ ૨

હરખ ને શોકની ન આવે કદી હેડકી, ને આઠે પહોર આનંદજી;
નિત્ય ઝીલે રે સત્સંગમાં ને રે, તોડે મોહમાયા કેરા ફંદ રે.
મેરુ૦ ૩

તન મન ધન જેણે ગુરુજીને અર્પ્યાં, ને નામ-નિજારી નર ને નારજી;
એકાંતે બેસીને અલખ આરાધે, તો પ્રભુજી પધારે એને દ્વાર રે.
મેરુ૦ ૪

સંગતું કરો તો તમે એવાની કરજો, જે ભજનમાં રહેવે ભરપૂર રે;
ગંગાસતી એમ બોલિયાં, જેને નેણે તે વરસે ઝાઝાં નૂર રે.
મેરુ૦ ૫

* * *

(૧૨૭)

હરિ તારો અમને સથવારો,
નોખા નોખા નામ ધારી ઊંચે બેસનારો. હરિ૦ ૧

કોઈક દિ' હસાવે તો તું કોઈક દિ' રડાવે,
પાડે પછાડે તોયે લાડ તું લડાવે;
દ્રૌપદીનાં ચીર પૂરી સહાય કરનારો. હરિ૦ ૨

માનુષના તેં ઘાટ ઘડિયા રૂપ દઈ હજારો,
લીલા તારી નીરખી નીરખી પામું ન એનો આરો;
મઝધારે નૈયા અટકી એને પાર ઉતારો. હરિ૦ ૩

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૨૮)

આજ ગઈ'તી હું સમવસરણમાં, જિન વચનામૃત પીવા રે;
શ્રી પરમેશ્વર વદનકમલ છબી, નિરખ નિરખ હરખેવા રે. આજ૦ ૧

તીન ભુવનાયક શુદ્ધાતમ, તત્ત્વામૃતરસ વુઠું રે;
સકલ ભવિક વસુધાની લાણી, મારું મન પણ તુઠું રે. આજ૦ ૨

મનમોહન જિનવરજી મુજને, અનુભવ પિયાલો દીધો રે;
પૂરણાનંદ અક્ષય અવિચલરસ, ભક્તિ પવિત્ર થઈ પીધો રે. આજ૦ ૩

જ્ઞાનસુધા લાલીની લહેરે, અનાદિ વિભાવ વિસાર્યો રે;
સમ્યક્જ્ઞાન સહજ અનુભવરસ, શુચી નિજ બોધ સમાર્યો રે. આજ૦ ૪

ભોળી સખીઓ એમ શું જોવો, મોહ મગન મત રાચો રે,
દેવચંદ્ર પ્રભુશું એકતાને, મિલવો તે સુખ સાચો રે. આજ૦ ૫

* * *

(૧૨૯)

સદ્‌ગુરુ દેવ દયાળુ દાતા, સદ્‌ગુરુ દેવ દયાળુ દાતા,
દેવ દ્યો આતમજ્ઞાન, અરે મન ધરલે ગુરુ કા ધ્યાન. ..૧

ગુરુ ગંગા ગુરુ ગોમતી જાને, ગુરુ સરસ્વતી કે સમાન,
અડસઠ તીરથ ગુરુ કે ચરણમેં કહેના મેરા માન, અરે મન.૨

ગુરુ બીન દેવ કા ભેદ ન પાવે, ગુરુ બીન અંતર કુછ ભી ન જાગે,
ગોવિંદરૂપ ગુરુજી કો જાનો, સમજ સમજ નાદાન. અરે મન.૩

ગુરુ મેરે બડે આતમજ્ઞાની, સદા સમદર્શી સત્યકામી,
મધુર મધુર ઉનકી વાની, કરતી મુજકો દિવાની. અરે મન.૪

સદ્‌ગુરુ શબ્દ શ્રવણ કર મૂરખ, છોડ દે માન ગુમાન,
દાસ સતાર કહે કર જોડી, હોવત જગ કલ્યાણ. અરે મન.૫

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૩૦)

પગ ઘુંઘર બાંધ મીરાં નાચી રે...

સાંસ કહે મીરાં ભઈ બાવરી,
નનંદ કહે કુલ નાશી રે;... પગ..૧

વિષકા પ્યાલા રાણાજીને ભેજા,
પીવત મીરાં મનરાજી રે;... પગ..૨

મીરાં કહે પ્રભુ ગિરધરનાગર,
મૈં હું તુમરી દાસી રે.... પગ..૩

* * *

(૧૩૧)

યે મીઠા પ્રેમકા પ્યાલા, કોઈ પિયેગા કિસ્મતવાલા,
યે સત્સંગવાલા પ્યાલા, કોઈ પિયેગા કિસ્મતવાલા.

પ્રેમ ગુરૂ હૈ, પ્રેમ હૈ ચેલા, પ્રેમ ધર્મ હૈ, પ્રેમ હૈ મૈલા,
ગુરુ પ્રેમકી ફેરો માલા, કોઈ ફેરેગા કિસ્મતવાલા... યે મીઠા.૧

પ્રેમ બિના પ્રભુ નહીં મિલતે, મનકે કષ્ટ કભી નહીં ટલતે;
ગુરુ પ્રેમ કરે ઉજીયારા, કોઈ કરેગા કિસ્મતવાલા... યે મીઠા.૨

પ્રેમકા ગહેના પ્રેમી પાવે, જન્મ મરણ કા દુઃખ મિટાવે,
ગુરુ કાટે કર્મ જંજાળા, કોઈ કાટેગા કિસ્મતવાલા... યે મીઠા. ૩

પ્રેમ હી સબકે કષ્ટ મિટાવે, લાખોંસે દુરાચાર છુડાવે,
ગુરુ પ્રેમમેં હો મતવાલા, કોઈ બનેગા કિસ્મતવાલા. યે મીઠા.૪

મુક્તિ કો સુખ પ્રેમી પાવે, નરકોમેં હરગીઝ નહીં જાવે,
ગુરુ પ્રેમકા ભોજન આલા, કોઈ ખાવેગા કિસ્મતવાલા... યે મીઠા. ૫

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૩૨)

જહવા સે આયો અમર વહ દેશવા,
પાની ન પાન ધરતી અકસવા,
ચાંદ ના સૂરજ ના રૈન દિવસવા. ...૧

બ્રાહ્મન છત્રી ના સુદ બૈસવા,
મુગલ પઠાન ના સૈયદ સેઠવા,
આદિ જયોતિ નહીં ગૌર ગનેશવા,
બ્રહ્મા વિષ્ણુ મહેશ ના સેસવા. ...૨

જોગિના જગતના મુનિધર બેસવા,
આદિ ન અંત ના કાલ કલેસવા,
દાસ કબીર લે આયે સંદેસવા,
સાર શબ્દ ગ્રહિ ચલો વહ દેસવા. ...૩

* * *

(૧૩૩)

શું રે કરવું રે મારે, શું રે કરવું રે રાણા.
મોતીની માળા રાણાજી,
અંગે નથી ધરવી મારે;
તુલસીની માળા પહેરી ફરવું. ...૧

હીરની સાડીયો રાણાજી,
અંગે નથી ધરવી મારે;
ભગવી ચિથડીયો પહેરી ફરવું. ...૨

બાઈ મીરાં કહે પ્રભુજી,
ગિરધરના ગુણ વ્હાલા;
ગાઈ ગાઈ ભવસાગર તરવું. ...૩

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૩૪)

સુગરાનું સુખ શું વખાણું ?

આનંદે અતિ સુગરાનું સુખ શું વખાણું,
વૃત્તિના વેગ જેના વેગળા થયા છે,
ને ઠરવાનું મળ્યું છે ઠેકાણું;
આઠે પહોર નેહ નામની સંગાથે,
આવરણ ઉરમાં ન આણું. ...૧

આ તન તેનું ને તેને તો તન નહીં,
મનથી મૂકાયેલ જાણું;
વિદેહીપણું દેહ દીસવા માત્ર,
એવા પુરુષ ઉરમાં આણું. ....૨

જીવન મુક્ત તેને કહેવાય એવા પુરુષ પ્રમાણ,
વાણીએ જુઓ તો વિકાર નહીં જેમાં;
અજ્ઞાન આવરણ ઊઠી ગયા જેના,
વાયુ અખંડિત વ્હાણું,
રહે સંસારમાં ને ભિન્ન સંસારથી,
એ સમજ્યામાં સાર વખાણું. ...૩

* * *

(૧૩૫)

મેરા તેરા મનવા કૈસે એક હોઈ રે.

મૈં કહેતા હું આંખે ન દેખી, તું કહેતા કાગજ કી લેખી,
મૈં કહેતા સૂર જા બનહારી, તું રાખે ઉરજાઈ રે. કૈસે એક૦ ૧

મૈં કહેતા તું જાગત રહીયો, તું રહા હૈ સોઈ રે,
મૈં કહતા નિર્મોહી રહીયો, તું જાતા હૈ મોહી રે. કૈસે એક૦ ૨

સદ્ગુરુ દ્વારા નિર્મલ બાહે, વામે, કાયા ધોરી રે,
કહત કબીર સુનો ભાઈ સાધો, તબ તું ઐસા હોઈ રે. કૈસે એક૦ ૩

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૩૬)

સબ સે ઊંચી પ્રેમ સગાઈ,
સબ સે ઊંચી પ્રેમ સગાઈ.

દુર્યોધન કો મેવા ત્યાગ્યો..
સાધુ વિદુર ઘર આયી. સબસે...૧

જૂઠે ફલ શબરી કે ખાયે
બહુ વીધી પ્રેમ લગાયી. સબસે...૨

પ્રેમ કે બસ અર્જુન રથ હાંક્યો
ભૂલ ગયે ઠકુરાઈ. સબસે...૩

એસી પ્રીત બઢી વૃન્દાવન,
ગોપીન નાચ નચાયી. સબસે...૪

અસુર ક્રૂર ઈસ લાયક નાહી,
કહેલ કર બઢાઈ., સબસે...૫

* * *

(૧૩૭)

નિત્ય નિત્ય ભજીએ તારું નામ,
પ્રેમ થકી અમને પ્રભુજી મળ્યા હો જી.
આની પેરે ગંગા વાલા,
પેલી પેરે જમના વાલા, આ...
ને વચમાં ગોકુળિયું રૂડું ગામ. ..૧

અન્ન ન ભાવે મુને,
નીંદરુ ન આવે વ્હાલા, આ....
સહેજે પધારોને સુંદર શ્યામ. ..૨

બાઈ મીરાં કે પ્રભુ,
ગિરિધરના ગુણ વ્હાલા, આ....
આ તો આખેરનાં રામે રામ. ..૩

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૩૮)

ઝાંખી ક્યાંથી થાય, હું પદ હૈયેથી ન વિસરાઈ;
હરિની ઝાંખી ક્યાંથી થાય.

હિમ જરતાં વહેલે પહોરીયે, નદીયે ન્હાવા જાય,
નિર્મળ જળમાં નહાયો ઘણું પણ, મનનો મેલ ન જાય. ..૧

વેદ પુરાણના પાઠ કરેને, આખી ગીતા ગાય,
ગીતા જ્ઞાન ન ભીતર આવ્યું, મુખે ગાય શું થાય. ..૨

તિલક છાપી ને અંગે, મંડળીઓમાં જાય,
જ્ઞાન વૈરાગ્યનાં ગાન કરે પણ, આતમજ્ઞાન ન થાય ..૩

એકાદશી ઉપવાસ કરે ને, મંદિરમાં દેવ જાય,
ભલું ન ભાઈનું ભાળી શકે, એને હાથે ભલું કોનું થાય. ..૪

ઉપર રૂડાં ભીતર કૂડાં, બાહર ડોળ દેખાય,
અંતરયામી દીન દયાળુ, છેતરો ન છેતરાય. ..૫

કાવા દાવા કપટ ત્યાગી, હરિ શરણમાં જાય,
માતા પિતા ગુરુ આશિષ મળતાં, ઝાંખી હરિની થાય
હરિની ઝાંખી ત્યારે થાય. ..૬

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૩૯)

સમજ ગયા તો હો જા મૌન,
ભીતર બહાર રામ સમાયા,
મૈં તૂં ઔર વો કૌન, વો કૌન કૌન. ..૧

તર્ક કરે તો સંશય બઢતા,
સંશય કા નહીં પારા,
સાર મિલે સદ્ગુરુ કૃપા સે,
તજ દે ઔર વિચારા. ..૨

યે જગ તો એક ખેલ પ્રભુકા,
હૈ કૌતુક કી ખાન,
ઘટતા બઢતા ઔર નષ્ટ હો,
રહે ન એક સમાન. ..૩

તેરા મેરા ભેદ માનકર,
ભૂલા ચેતન જ્ઞાન,
માયા મેં હી ઉલટ પલટ કર,
ભટક રહા નાદાન. ..૪

* * *

(૧૪૦)

ફકીરોં કી દુનિયા અજબ હૈ નિરાલી,
સદા ઉનકે ચહેરે પે રહેતી લાલી,
ફકીરોં કી દુનિયા ગમ સે ભરી હૈ,
ખુશી કી સદા બજતી રહેતી હૈ તાલી ફકીરોં..૧

સદા રાજી રહેના રઝા મેં પ્રભુકી,
કોઈ કરે પૂજા કોઈ દેવે ગાલી. ફકીરોં..૨

ન મરને કી ચિંતા ન જીને કી આશા,
યહી તો હૈ શહેન-શાહી નિરાલી. ફકીરોં..૩

મનોકામના સબકી પૂરન હો સતગુરુ,
ન જાયે ખાલી વહ કૈસા સવાલી. ફકીરોં..૪



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હરિ મારે હૃદયે રહેજો રે,
દુ:ખ જે દઉં સહેજો રે.

વારે વારે કરીશ કાલા વાલા,
માંગું તે દેવું પડશે વ્હાલા,
તમે વેદ મંત્રોને સુણનારા,
વેણ મારાં વેઠી લેજો કાલા,
કે હરિ મને કાંઈ ન કહજો રે,
કે હરિ મારી આંખોથી વહેજો રે;
કે હરિ મારે હૃદયે રહેજો રે. ..૧

હરિ હવે આપણે સરખે સરખા,
હરિ તું મેઘ તો હું રે બરખા,
હરિ તમે સૂરજ તો હું સોમ,
હરિ તમે અક્ષર તો હું ૐ,
હરિ મારે હૃદયે રહેજો રે,
હરિ મને દર્શન દેજો રે;
હરિ મારે હૃદયે રહેજો રે. ..૨

હરિ મારે હૃદયે રહેજો રે,
હરિ મને કાંઈ ન કહેજો રે,
હરિ મારી આંખોથી વહેજો રે,
હરિ મને દર્શન દેજો રે;
હરિ મારે હૃદયે રહેજો રે. ..૩

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૪૨)

ચલના હૈ દૂર મુસાફિર કાહે સોવે હૈ....
કાહે સોવે હૈ.... ..૧

ચેત અચેત નર સોચ બાંવરે, બહુત નીંદ મેં સોવે રે,
કામ ક્રોધ મદ લોભ મેં ફસકર, ઉમરીયાં કાહે ખોવે રે. ..૨

સિર પર માયા મોહ કી ગઠરી, સંગ દૂત દો હોવે રે,
વો ગઠરી તારી બીચમેં છીન ગઈ, મુંહ પકર ક્યું રોવે રે. ..૩

રાસ્તા તો હૈ દૂર કઠીન, ચલત અકેલા હોવે રે,
સંગ સાથ તેરે કોઈ ન ચલેગા, આકે ડગરીયા જાવે રે. ..૪

નદીયાં ગહેરી નાંવ પુરાની, કિસ વિધ પાર તું હોવે રે,
કહેત કબીરા સુનો ભાઈ સાધો વ્યાજ ધોકે મૂલ ખોવે રે. ..૫

* * *

(૧૪૩)

મન રે તૂં કાહે ના ધીર ધરે...
વો નિર્મોહી મોહ ન જાને, જિનકા મોહ કરે. મન રે. ૧

ઈસ જીવનકી ચઢતી ઢલતી ધૂપ કો કિસને બાંધા,
રંગ પે કિસને પહેરે ડાલે રૂપ કો કિસને જાના;
કાહે યે જતન કરે... મન રે. ૨

ઈતના હી ઉપકાર સમજ, કોઈ જિતના સાથ નિભા દે,
જનમ મરણકા મેલ હૈ સપના યહ સપના બિસરા દે;
કોઈ ન સંગ મરે... મન રે. ૩

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સદ્‌ગુરુ શબદનાં થવા અધિકારી
મેલી દ્યો અંતરનું માન;

આળસ મેલીને તમે આવો રે મેદાનમાં ને,
સમજો સદ્‌ગુરુજીની સાન જી. -સદ્‌ગુરુના૦

અંતર ભાંગ્યા વિના ઊભરો નૈ આવે પાનબાઈ !
પછી તો હરિ દેખાય સાક્ષાત્ જી. -સદ્‌ગુરુના૦

સત્સંગરસ એ તો અગમ અપાર છે,
તે તો પીવે કોઈ પીવનહાર જી. -સદ્‌ગુરુના૦

તન મનની શુદ્ધિ જ્યારે ભૂલી જશો પાનબાઈ !
ત્યારે અરસપરસ મળશે એકતાર જી. -સદ્‌ગુરુના૦

ધડ રે ઉપર શિશ જોને નવ મળે પાનબાઈ !
એવો ખેલ છે ખાંડા કેરી ધાર જી. -સદ્‌ગુરુના૦

એમ તમે તમારું શિશ ઉતારો પાનબાઈ !
તો તો રમાડું તમને 'બાવન બા'ર' જી. -સદ્‌ગુરુના૦

હું અને મારું ઈ તો મનનું છે કારણ પાનબાઈ !
ઈ મન જ્યારે જોને મરી જાય જી. -સદ્‌ગુરુના૦

ગંગા સતી એમ બોલિયાં રે પાનબાઈ !
ત્યારે પછી હતું તેમ દરશાય જી. -સદ્‌ગુરુના૦

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૪૫)

આહા કેવું ભાગ્ય જાગ્યું, વીરના ચરણો મળ્યા;
રોગ શોક દારિદ્રય સઘળાં, જેહથી દૂરે ટળ્યાં. આહા૦ ૧

ફેરો ફર્યો છે દુર્ગતિનો, શુભ ગતિ તરફેણમાં,
અલ્પ કાલે મોક્ષ પામી, વિચરશું આનંદમાં. આહા૦ ૨

જેમના તપનો ન મહિમા, કરી શકે શક્રેશ ભી;
તેમને હું સ્તવું શું બાળક, શક્તિનો જ્યાં લેશ નહીં. આહા૦ ૩

કામધેનુ કામકુંભ, ચિન્તામણિ પ્રભુ તું મળ્યો;
આજ મારે આંગણે શ્રી વીર કલ્પતરુ ફળ્યો. આહા૦ ૪

લબ્ધિના ભંડારવાલા, વીર પીર જપતાં થયા;
ગૌતમ શ્રી મોક્ષધામી એ પ્રભુની ખરી દયા. આહા૦ ૫

* * *

(૧૪૬)

મોહે લાગી લટક ગુરુ ચરનનકી,

ચરન બિના મોહે કછુ નહીં ભાવે,
જૂઠ માયા સબ સપનનકી. -મોહે૦

ભવસાગર સબ સૂક ગયા હૈ,
ફિકર નહીં મોહે તરનનકી. -મોહે૦

મીરાં કે પ્રભુ ગિરિધર નાગર,
ઊલટ ભઈ મોહે નયનનકી. -મોહે૦

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વીજળીને ચમકારે મોતીડાં પરોવતાં ત્યાં,
અચાનક અંધારા થાશે જી;
જોતજોતમાં દિવસ વયા ગયા પાનબાઈ!
એકવીશ હજાર છસોને કાળ ખાશે જી.

જાણ્યા જેવી આ તો અજાણ છે પાનબાઈ!
આ તો અધૂરિયાંને નો કહેવાય જી;
આ ગુપત રસનો ખેલ છે અટપટો પાનબાઈ!
આંટી મેલો તો પૂરણ સમજાય જી. -વીજળીને.

નિરમળ થૈને આવો મેદાનમાં પાનબાઈ!
જાણી લિયો જીવની જાત જી;
સજાતિ વિજાતિની જુગતિ બતાવુંને,
બીબે પાડી દઉં બીજી ભાત જી. -વીજળીને.

પિંડ બ્રહ્માંડથી પર છે ગુરુ પાનબાઈ!
તેનો દેખાડું હું તમને દેશ જી;
ગંગા સતી એમ બોલિયાં રે પાનબાઈ!
ત્યાં નહિ માયાનો જરીએ લેશ જી. -વીજળીને.

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છૂટાં છૂટાં તીર રે અમને મારો મા મોટાં બાઈજી રે,
મેથી સહ્યું નવ જાય જી;
કલેજાં અમારાં જોને વીંધી નાખ્યાં બાઈજી રે,
છાતી મારી ફાટફાટ થાય જી.

બાણ રે વાગ્યાં ને અમારાં રૂવાડાં વીંધાણાં બાઈજી રે
મુખથી કહ્યું નવ જાય જી;
આપોને વસ્તુ અમને લાભ જ લેવાને બાઈજી રે,
પરિપૂર્ણ કરોને ક્રિયાય જી. -છૂટાં

હજી બાણ તમને નથી લાગ્યાં પાનબાઈ!
બાણ રે લાગ્યાને હજુ ' વાર જી;
બાણ રે વાગ્યાથી સુરતા ચઢે આસમાનમાં ને,
દેહની દશા મટી જાય જી. -છૂટાં

બાણ રે વાગ્યાં હોય તો બોલાય ને પાનબાઈ!
પરિપૂર્ણ વચનમાં વરતાય જી;
ગંગા સતી એમ બોલિયાં રે પાનબાઈ!
પૂરણ અધિકારી કહેવાય જી. -છૂટાં

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પીવો જ હોય તો રસ પી લેજો પાનબાઈ !
 પિયાલો આવ્યો છે તત્કાળ જી;
વખત ગયા પછી પસ્તાવો થાશે પાનબાઈ !
 અચાનક ખાશે તમને કાળ જી.

જાણવી જ હોય તો વસ્તુ જાણી લેજો પાનબાઈ !
 નીકર જમીનમાં વસ્તુ જાશે જી;
નખશિખ ગુરુજીએ હૃદયમાં ભરી તો
 ઠાલવવાનું ઠેકાણું કે'વાશે જી. -પીવો જ૦

આપ રે મુવા વિના અંત નહિ આવે પાનબાઈ !
 ગુરુગમ વિના ગોથાં મરને ખાવે જી;
ખોળામાં બેસારી તમને વસ્તુ આપું જેથી
 આપાપણું ગળી તરત જાવે જી. -પીવો જ૦

આ વખત આવ્યો છે મારે ચેતવાનો પાનબાઈ !
 માન મેલીને થાવને હોશિયાર;
ગંગા રે સતી એમ બોલિયાં રે પાનબાઈ !
 હવે તમે હેતનાં બાંધો હથિયાર જી. -પીવો જ૦

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૫૦)

વીણવો જ હોય તો રસ વીણી લેજો પાનબાઈ !
હવે આવ્યો બરાબર વખત જી,
ઊભાં રે થાવ પાનબાઈ! શૂરવીરપણું રાખો,
હવે લાંબો નથી કાંઈ પંથ જી. -વીણવો૦

આ રસપાત્ર પાનબાઈ અગમ અપાર છે
કોઈને કહ્યો નવ જાય જી;
એ રસ હું તમને બતાવું પાનબાઈ !
મારી પૂરણ થઈ છે દયાયજી. -વીણવો૦

આ અજર રસ કોઈથી જરે નહિ પાનબાઈ !
અધૂરાંને આપ્યે ઢોળાઈ જાય જી;
પીઓને પિયાલો તમે પ્રેમે કરી પાનબાઈ !
ત્યારે લે'રમાં લે'ર સમાય જી. -વીણવો૦

આપ્યો રસ તમને ખોળામાં બેસાડ્યાં પાનબાઈ !
મૂક્યો રે મસ્તક ઉપર હાથ જી,
ગંગા સતી એમ બોલિયાં રે પાનબાઈ !
ત્યાં તો નિરખ્યા ત્રિભુવનનાથ જી. -વીણવો૦

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મનને સ્થિર કરી આવો રે મેદાનમાં ને
મિટાવી દઉં સર્વે કલેશ રે,
હરિનો દેશ તમને એવો દેખાડું ને
જ્યાં નહિ વર્ણ ને વેશ રે. -

સૂક્ષ્મ સુવું ને સૂક્ષ્મ ચાલવું ને પાનબાઈ!
સૂક્ષ્મ કરવો વે'વાર રે,
શરીરની સ્થિરતામાં ચિત્ત જેનું કાયમ ને
વરતી ન ડોલે લગાર રે. -મનને૦

કુબુદ્ધિવાળાનો સંગ તજવો ને પાનબાઈ!
રે'વું એકાંતે અસંગ રે,
કૂંચી બતાવું એનો અભિયાસ કરવો ને
ચડાવવો નિત્ય નવો રંગ રે. -મનને૦

ચિત્ત વિષયમાંથી ખેંચવું ને પાનબાઈ!
રે'વું સદાય ઈન્દ્રિયજીત રે,
ગંગા સતી એમ બોલિયાં રે પાનબાઈ!
તેથી થાય ને વિપરીત ચિત્ત રે. -મનને૦

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૫૨)

ગુરુદેવ તમારે દરવાજે, દોડું છું દરશનને કાજે,
દરરોજ સવાર અને સાંજે દોડું છું દરશનને કાજે.

સાક્ષાત્ કહો ક્યારે મળશો, ક્યારે નયનો પાવન કરશો ?
જરી બોલો અલબેલા આજે, દોડું છું દરશનને કાજે. -ગુરુદેવ.

શું મુજથી અબોલા લઈ લીધાં, શું મુખડે તાળાં દઈ દીધાં ?
સાંવરીયા તમને ના છાજે, દોડું છું દરશનને કાજે. -ગુરુદેવ.

શું મુજ પરથી ઊતરી માયા, શું દોષો મુજમાં દેખાયા ?
ભક્તિ તો પ્રભુ મારી લાજે, દોડું છું દરશનને કાજે. -ગુરુદેવ.

મહાયોગ મળ્યો છે મળવાનો, રણછોડ બન્યો છે દિવાનો,
એ ઊર્મિ ઘટ ઘટમાં ગાજે, દોડું છું દરશનને કાજે. -ગુરુદેવ.

* * *

(૧૫૩)

આયે હૈ શરણ તેરી, ગુરુદેવ કૃપા કર દો,
ઈસ દીન દુઃખી મનમેં, આનંદ સુધા ભર દો. -આયે.

દુનિયાસે હાર કરકે મેં દ્વાર તેરે આયા,
શ્રદ્ધાકે સુમન ચુનકે સદ્ભાવસે યું લાયા;
કરુણાકા હાથ સિરપર હે નાથ મેરે ધર દો. -આયે.

કિસ ભાત કરું પૂજા, કોઈ વિધિ ના જાનું,
તેરા સ્વરૂપ ભગવાન, કિસ આંખસે પહેચાનું;
તૂટી મન વીણા મેં મેરી ભક્તિકા સ્વર ભરદો. -આયે.

અનજાની મંઝિલ હૈ, ચૌ દિશા હૈ અંધિયારા,
કરુણાનિધિ અબ તો બસ હૈ તેરા હી સહારા;
ઈસ દાસ અકિંચનકો નિજ પરમ ધામ દે દો. -આયે.

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મૈં શરણ પડા તેરી, ચરણોંમેં જગા દેના,
ગુરુદેવ દયા કરકે, મુજકો અપના લેના.
કરુણાનિધિ નામ તેરા, કરુણા દિખલાઓ તુમ,
સોયે હુએ ભાગ્યોંકો, હે નાથ જગાઓ તુમ;
મેરી નાંવ ભંવર ડોલે, ઈસે પાર લગા દેના. -ગુરુદેવ દયા૦

તુમ સુખ કે સાગર હો, નિર્ધન કે સહારે હો,
ઈસ મનમેં સમાયે હો, મુઝે પ્રાણોંસે પ્યારે હો;
નિત્ય માલા જપું તેરી, નહીં દિલ સે ભૂલા દેના. -ગુરુદેવ દયા૦

પાપી હું યા કપટી હું, જૈસા ભી હું તેરા હું,
ઘરબાર છોડકર મૈં, જીવન સે ખેલા હું;
દુઃખકા મારા હું મૈં, મેરા દુઃખડા મિટા દેના. -ગુરુદેવ દયા૦

મૈં સબકા સેવક હું, તેરે ચરણોકા ચેલા હું,
નહીં નાથ ભૂલાના મુજે, ઈસ જગમેં અકેલા હું;
તેરે દરકા ભિખારી હું, મેરે દોષ મિટાદેના. -ગુરુદેવ દયા૦

જય ગુરુદેવા - જય ગુરુદેવા - જય ગુરુદેવા

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૫૫)

હરિ ૐ... હરિ ૐ...

મન તડપત હરિ દર્શનકો આજ,
મોહે તુમ બિન બિગડે સઘરે કાજ;
બિનતિ કરત હું... મૈં રખિયો લાજ. -મન૦

તુમ્હરે દ્વાર કા મૈં હું જોગી,
હમરી ઓર નજર કબ હોગી;
સુન મેરે વ્યાકુલ મનકી બાત. -મન૦

બિન ગુરુ જ્ઞાન કહાંસે પાઉં,
દુજો દાન હરિ ગુન ગાઉં;
સબ ગુનીજનમેં તુમ્હરા રાજ. -મન૦

મુરલી મનોહર આસન છોડો,
ગોવર્ધન મેરી બાત ન તોડો;
મોહે દરશન ભિક્ષા દે દો આજ.

હરિ ૐ... હરિ ૐ... હરિ ૐ...

* * *

(૧૫૬)

નજર નાખું ત્યાં હે શ્રી નારાયણ વિધવિધ રૂપે ભાળું નારાયણ.

સૂરજ ચંદ્ર જ પ્રકાશ દેતાં સાગર સરિતા વહેતાં વહેતાં,
તારો મહિમા જગને કહેતાં તારા રૂપ નિહાળું.

ઝાડ પહાડને વૃક્ષવેલમાં વન ઉપવનને કલમ ફૂલમાં,
આ સૃષ્ટિના હરેક ખેલમાં તારા તેજ નિહાળું.

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચેતન ચાલો ને હવે સુખ નહીં પરમાં મળે,

આ તો ઝાંઝવાનાં પાણી,
તૃષા નહીં રે છીપાણી;
તૃપ્તિ નહીં રે મળે. -ચેતન૦

જડ ને ચૈતન્યની પ્રીતિ રે પુરાણી,
અનંત જન્મારામાં કરી શું કમાણી ?
મતિ માયામાં મુંઝાણી આત્મ શક્તિ રે લૂંટાણી;
શાંતિ નહીં રે મળે. -ચેતન૦

દુઃખના દરિયામાં ડૂબવાને લાગ્યો,
ડૂબતાને ગુરુજીએ આવીને ઉગાર્યો;
હતો સ્વરૂપથી અજાણ, તેની કરાવી પિછાણ,
ભવથી મુક્તિ રે મળે. -ચેતન૦

ભવ્ય આત્મા જાગે તેને તાલાવેલી લાગે,
પ્રભુ કેરા પંથે એ પગલાં ભરતો આગે;
ચાહે આત્માનું જ્ઞાન, સાચા સ્વરૂપનું ભાન,
શાશ્વત સિદ્ધિ રે મળે. -ચેતન૦

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૫૮)

ઘૂંઘટે ઢાંક્યું એક કોડિયું..

હું તો નિસરી ભર બજારજી,
હે...હે...હે. લાજી રે મરું,
મારો સાહેબો ખોવાયો,
કોને કહું આવી વાત જી. -ઘૂંઘટે.

ટોડલે ટોડલે મેં તો તોરણો રે બાંધ્યાં,
મારી મેડિયું ઝાકઝમાળ જી;
હે... જોબન ઝરૂખે રૂડી જાલરું રે વાગી,
ઝાંઝર ઘૂંઘરમાળ જી. -ઘૂંઘટે.

રાત ઢળી ને ઘેરા ઘડિયાળાં વાગ્યા,
અને પ્રાંગણનાં તૂટ્યાં દોર જી;
હે... તો યે ના આવ્યો મારો સાહેબો સલૂણો,
જાગી આઠે પહોર જી. -ઘૂંઘટે.

ગરવા ગુરુએ એક શબ્દ સુણાવ્યો,
અમને લાધ્યાં આતમજ્ઞાન જી;
હે... ભીતર જોયું ત્યાં તો વ્હાલો રે ભાળ્યો,
આડશ એક અજ્ઞાન જી. -ઘૂંઘટે.

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઘેલી તો ફરું રે ઘરમાં ઘેલી તો ફરું
મારા પિયુજી વિનાની ઘરમાં ઘેલી તો ફરું. -૧

વ્હાલા રે વિનાની અમને, ઘડી જુગ જેવી રે,
જીવન વિનાની હું તો ઝૂરી રે મરું;
મારા વ્હાલો જી વિનાની ઘરમાં ઘેલી તો ફરું. -૨

પ્રેમના પાહુલીએ પાડી પરવશ કીધાં રે,
વચને વિંધાણી દિલની કોને રે કહું;
મારા પિયુજી વિનાની ઘરમાં ઘેલી તો ફરું. -૩

તન મન ધન તો મારું તમે હર્યું ત્રિકમા રે,
નાથ વિનાની નયણે નીર તો ભરું;
મારા પિયુજી વિનાની ઘરમાં ઘેલી. -૪

મનથી બંધાણી મારા ચિત્તાથી વિંધાણી રે,
પ્રિતમ આવો તો પ્રેમે પૂજાયું કરું;
મારા પિયુજી વિનાની ઘરમાં. -૫

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ક્યા તન માંજના રે, એક દિન મિટ્ટીમેં મિલ જાના,
મિટ્ટીમેં મિલ જાના રે બંદે, ખાખમેં ખપ જાના;
ક્યા તન માંજના રે.

મિટ્ટી ચુન ચુન મહેલ બનાયા, બંદા કહે ઘર મેરા,
એક દિન બંદા ઉઠ ચલેગા, યે ઘર તેરા ન મેરા;
ક્યા તન માંજના રે.

મિટ્ટી ઓઢણ મિટ્ટી બિછાવણ મિટ્ટી તારે શિરહાણા,
ઈસ મિટ્ટીયાકા એક પૂત બનાયા અમર માન લો જાના;
ક્યા તન માંજના રે.

મિટ્ટી કહે કુંભારકો તૂં ક્યા' જાને મોય,
એક દિન ઐસા આવેગા પ્યારે મૈં રૌંદુંગી તોય;
ક્યા તન માંજના રે.

લકડી કહે સુથાર કો રે તૂં ક્યા જાને મોય,
એક દિન ઐસા આવેગા બંદે મૈં ભૂંજૂંગી તોય;
ક્યા તન માંજના રે.

દાન શિયળ તપ ભાવનાં રે શિવપુર મારગ ચાર,
આનંદઘન ભાઈ ચેત લે પ્યારે આખિર જાના ગમાર;
ક્યા તન માંજના રે.

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધૂણી રે ધખાવી બેલી ! અમે તારાં નામની,
અમે તારાં નામની રે ! અલખનાં રે ધામની;
ધૂણી રે ધખાવી...

શાને રે કારણિયે જીવડા મારગમાં તું અટવાયો,
ઘણુંયે સમજાવ્યું તોયે સંસારમાં તું લેપાયો,
કરેલાં કરમ કેરી બાંધી રે ગઠરિયા;
ધૂણી રે ધખાવી....

ભૂલો રે પડ્યો રે હંસો આંગણે ઊડીને આવ્યો,
તન-મનથી તરછોડાયો મારગ મારગ અથડાયો,
ગમ ના પડે રે એને... ઠાકુર તારા ધામની;
ધૂણી રે ધખાવી...

કોને રે કાજે રે જીવડા ઝંખના તને રે જાગી,
કોની રે વાટ્યું રે જોતાં ભવની આ ભાવટ ભાંગી,
તરસ્યું રે લાગી જીવને....ભક્તિના જામની
ધૂણી રે ધખાવી...

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૬૨)

પ્રાર્થના કરને કો અબ, હાથ યે ઊઠતે નહીં,
માંગને કો ઔર કુછ, હોઠ યે ખુલતે નહીં,
પા કે તુજકો ક્યા માગું, કુછ નહીં હૈ સૂઝતા,
એક તેરા નામ મેરી રગ રગ મેં હૈ ગુંજતા,
જલા દિયે ચિરાગ ઐસે, બુઝાલે કોઈ બુઝતે નહીં;
ગ્યાન કી ગંગા ને, મેરે કર્મોં કો બહા દિયા,
મેરે કિશનરૂપ સે, મેરા પરિચય કરા દિયા,
કર રહે હૈ શુક્રિયા, આઁસુ આકર રુકતે નહીં.

* * *

(૧૬૩)

અવતાર માનવીનો ફરીને નહીં મળે,

અવસર તરી જવાનો ફરીને નહીં મળે.
સુર લોકમાંયે ના મળે ભગવાન કોઈને,
અહીંયાં મળ્યા પ્રભુ તે ફરીને નહીં મળે. -અવસર

જે ધરમ આચરી ને કરોડો તરી ગયા,
આવો ધરમ અમૂલો ફરીને નહીં મળે. -અવસર

લઈ જાય પ્રેમથી તને કલ્યાણ મારગે,
સંગાથ આ ગુરુનો ફરીને નહીં મળે. -અવસર

કરશું ધરમ નિરાંતે તું કહે ગુમાનમાં,
જે જાય છે ઘડી તે ફરીને નહીં મળે. -અવસર

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરલોકે સુખ પામવા, કર સારો સંકેત,
હજી બાજી છે હાથમાં, ચેત ચેત નર ચેત.
જોર કરીને જીતવું ખરેખરું રણખેત,
દુશ્મન છે તુજ દેહમાં. —ચેત ચેત૦

ગાફીલ થઈને ગમાર તું, ફોગટ થઈશ ફજેત,
હવે જરૂર હોશિયાર થઈ. —ચેત ચેત.૦

તન ધન તે તારાં નથી, નથી પ્રિયા પરણેત,
પાછળ સૌ રહેશે પડ્યા. —ચેત ચેત.૦

પ્રાણ જશે જ્યાં પિંડથી, પિંડ ગણાશે પ્રેત,
માટીમાં માટી થશે. —ચેત ચેત૦

રહ્યા ન રાણા રાજીઆ, સુર નર મુનિ સમેત,
તું તો તરણા તુલ્ય છો. —ચેત ચેત૦

રજકણ તારા રખડશે, જેમ રખડતી રેત,
પછી નર તન પામીશ ક્યાં. —ચેત ચેત૦

કાળા કેશ મટી ગયા, સર્વે બન્યા છે શ્વેત,
જોબન જોર જતું રહ્યું. —ચેત ચેત૦

માટે મનમાં સમજીને, વિચારીને કર વેંત,
ક્યાંથી આવ્યો, ક્યાં જવું. —ચેત ચેત.૦

શુભ શિખામણ સમજીને, પ્રભુ સાથે કર હેત,
અંતે અવિચળ એ જ છે. —ચેત ચેત૦

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગુરુવર, હે પરમેશ્વર, હે જ્ઞાની, હે દાતા,
મૈં ક્યું ન સમઝ પાઉં તુમકો....... (૨)..

લોભ કર્યો મૈં ક્રોધ કર્યો,
ફિરભી તૂને માફ કિયો. ફિરભી મૈં ક્યું.

ભજન ગાયો પર ભજન કિયો નહીં,
અપને ગાન પર માન કર્યો,
યે જાન્યો નહીં કે હર સ્વર;
તેરી દયા સે નીકલો. ફિરભી મૈં ક્યું.

હે આનંદઘન હે નિરંજન મૈં ક્યું ન સમઝ પાઉં તુમકો

કપટ કર્યો ઈર્ષા કી મૈંને,
કિસી કે કામ મૈં ન આયો,
વિકાર મેં રહકર બુરન કામ કિયો;
ફિરભી તૂને મુઝકો અપનાયો. ફિરભી મૈં ક્યું.

હે નિર્મલ જ્ઞાની મેરે અંતર કો ભી નિર્મલ કર,
મુઝકો અબ તો દૃષ્ટિ દે દે
કિ સમઝ પાઉં મૈં અબ તુમકો; ફિરભી મૈં ક્યું.

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તારા ઘટમાં ગોવિંદ બોલે...
હાં રે તારા ઘટમાં ગોવિંદ બોલે,
બહાર એને શીદ ખોળે રે...
બહાર એને શીદ ખોળે... જીવલડા.

હાં રે તારા ઘટમાં ખાણ હીરાની,
હાં રે તેને ગોત્યા વિના અજ્ઞાની;
ગરીબી નહીં મટવાની રે....
ગરીબી નહીં મટવાની... જીવલડા.
હાં રે તારા.

હાં રે અજ્ઞાનતણા અવરોધે,
હાં રે મૃગ કસ્તૂરીને ગોતે;
ભટક સહુ વિણ બોધે રે...
ભટક સહુ વિણ બોધે... જીવલડા.
હાં રે તારા.

હાં રે તારું રૂપ તું લેને તપાસી,
હાં રે તું તો ઘટ ઘટ કેરો વાસી;
ભુલવણીમાં પડી ફાંસી રે....
ભુલવણીમાં પડી ફાંસી... જીવલડા.
હાં રે તારા.

હાં રે ગુરું ગોવિંદ લેને ગોતી,
હાં રે બની હંસ ચરી લે મોતી;
નીરખવાને નિજ જ્યોતિ રે...
નીરખવાને નિજ જ્યોતિ.... જીવલડા.
હાં રે તારા.

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હમ એક બને, હમ નેક બને, હમ જ્ઞાન કી જ્યોત જગાએ,
હમ પ્રેમકી પરબ બહાએ.

હમ માનવતા ઔર પ્રેમ કરુણા સત્ય કી ધૂન લગાએ,
હમ પ્રેમકી પરબ બહાએ.

સૂરજ-ચંદર નભકે તારે, હૈ દુનિયા કે સબ રખવાલે,
ઉનકી તરહ હમ ચમક ચમકતે પંથ નિરાલા બનાએ;
હમ જ્ઞાન કી જ્યોત જગાએ.
હમ પ્રેમકી પરબ બહાએ.

રાષ્ટ્રભાવના કર્મ હમારા, માનવ સર્જન ધર્મ હમારા,
વિદ્યા સંગે, ધરતી ઉછંગે અપની દુનિયા સજાએ;
હમ જ્ઞાન કી જ્યોત જગાએ.
હમ પ્રેમકી પરબ બહાએ.

પરિવર્તન હૈ માંગ જગતકી, નવ-વિચાર હૈ જનની ઉનકી,
નયી દિશાએ, નયી ઉમંગે, નયા જહાંકો બનાએ;
હમ જ્ઞાન કી જ્યોત જગાએ.
હમ પ્રેમકી પરબ બહાએ.

ગાંધી-મહાવીર-રામ-રહીમને, બુદ્ધ-ઈશુને બોયે સપને,
ઈન સપનોંકો સચ કરને હમ આતમ દીપ જલાએ;
હમ જ્ઞાન કી જ્યોત જગાએ.
હમ પ્રેમકી પરબ બહાએ.

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મેરે ગુરુકી મહિમા અપાર, યે દુનિયા કયા જાને,
ક્યા જાને કોઈ ક્યા જાને, ક્યા જાને કોઈ ક્યા જાને;
મેરે ગુરુ હે તારનહાર, યે દુનિયા કયા જાને. ૧

સદ્‌ગુરુ સાહેબ કી શાંત સુરતીયા, મન મંદિર મેં ઉનકી મૂરતીયા,
જબ સે ઉનસે લાગી નઝરીયા, ગુરુ ને રંગ દી મેરી ચૂનરીયા;
ઓઢ કે મેં તો ઘુમું બાવરીયા, મેરા ધન્ય હુઆ અવતાર.
યે દુનિયા ક્યા જાને.... ૨

મૈં ચલી ગુરુ કી હોને, સબ મોહ ઔર માયા ખોને,
મેરે પાપ કો સારે ધોને, કરી એસી કૃપા ઉન્હોને;
મુજે ગુરુ ને કિયા સ્વીકાર, યે દુનિયા ક્યા જાને.... ૩

સદ્‌ગુરુ સાહેબ કી પૂજા કરુંગી, ઉનકી આજ્ઞા શિર પે ધરુંગી,
પંચામૃત સે ચરણ ધોઉંગી, તન મન ધન સે ઉન્હે વરુંગી;
દિલ કી સારી બાત કહુંગી, મૈં સજી સોલા શૃંગાર.
યે દુનિયા ક્યા જાને.... ૪

મૈં ચલી ગુરુ કો રિઝાને, સબ ખોકે ઉનકો પાને,
મેરે દિલ મેં ઉન્હે સમાને, મેરે હોંશ નહીં હે ઠિકાને.
યે દુનિયા ક્યા જાને.... ૫

તુમકો પાના તુમ્હે મનાના, આપ સિવા અબ કિસે રિઝાના,
તુમકો હી મૈંને અપના માના, જગ સારા મુઝે લાગે બેગાના;
આપ કે જૈસા મુજે બનાના, દાસ સતલીન પર કિયા ઉપકાર
યે દુનિયા ક્યા જાને.... ૬

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કભી પ્યાસે કો પાની પીલાયા નહીં
બાદ અમૃત પીલાને સે ક્યા ફાયદા..
કભી ગીરતે હુએ કો ઉઠાયા નહીં
બાદ આંસુ બહાને સે ક્યા ફાયદા..
કભી પ્યાસે કો પાની....(૧)

મૈં તો મંદિર ગયા પૂજા આરતી કી,
પૂજા કરતે હુએ યે ખયાલ આ ગયા.
કભી મા-બાપકી સેવા કી હી નહીં
(સીર્ફ) ફિર પૂજા હી કરનસે ક્યા ફાયદા..
કભી પ્યાસે કો પાની....(૨)

મૈં તો સત્સંગ ગયા ગુરુ વાણી સુની
ગુરુ વાણી કો સુનકર ખયાલ આ ગયા..
જન્મ માનવ કા લેકે દયા ના કરી
ફિર માનવ કહેલાને સે ક્યા ફાયદા..
કભી પ્યાસે કો પાની....(૩)

હો મૈંને દાન કીયા મૈંને જપ તપ કીયા
દાન કરતે હુએ યે ખયાલ આ ગયા
કભી ભૂખે કો ભોજન દીલાયા નહીં
દાન લાખો કા કરને સે ક્યા ફાયદા..
કભી પ્યાસે કો પાની....(૪)

(પાછળ)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગંગા નાહને હરિદ્વાર કાશી ગયા.
ગંગા નહાતે હી મન મેં ખયાલ આ ગયા
તન કો ધોયા મગર મનકો ધોયા નહીં
ફિર ગંગા નહાને સે ક્યા ફાયદા
કભી પ્યાસે કો પાની....(૫)

મૈંને વેદ પઢે મૈંને શાસ્ત્ર પઢે
શાસ્ત્ર પઢતે હુએ યે ખયાલ આ ગયા..
મૈંને ગ્યાન કિસીકો બાંટા નહીં
ફિર જ્ઞાની કહેલાને સે ક્યા ફાયદા
કભી પ્યાસે કો પાની....(૬)

માતાપિતા કે હી ચરણો મેં ચારો ધામ હૈ
આજા આજા યે હીં મુક્તિ કા ધામ હૈ...
પિતા-માતા કી સેવા કી હી નહીં
ફિર તીર્થો મે જાને સે ક્યા ફાયદા....
કભી પ્યાસે કો પાની....(૭)

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૭૦)

હે તેરે અંતરમેં અનંત આનંદ સિંધુ લહેરાતા
ફિર ક્યું બાહર ભરમાતા...
ક્યું એક બિંદુ મધુ બુંદ સ્વાદ હીત, જન્મ મરણ દુઃખ પાતા,
તું ક્યું પર મેં લલચાતા...
હે તેરે અંતરમેં ...૧

સુખ દુઃખ દોનો ક્ષણભંગુર હૈ, હર્ષ શોક ક્યા કરના,
ફિલ્મ હૉલ મેં બેઠ કે પગલે, ક્યા રોના ક્યા હસના,
યહભી દેખા, વહભી દેખલે, ઈનમે ક્યું બહેજાતા;
હે તેરે અંતરમેં ...૨

ક્રોધ, લોભ, મદ, મોહ, માન, માયા જીવનકી છલના,
ક્ષણ પ્રતિક્ષણ જાગૃત હો રહેના, હો ના કહી કુછ સ્ખલના,
જો સાવધાન, જો સાવચેત વો સત્વર મંઝિલ પાતા;
હે તેરે અંતરમેં ...૩

આજ બિછડના, કાલ મિલન હૈ, ઉદય અસ્ત જીવન મેં,
ઉન્નત અવનત છાયા ઘટતી, બઢતી હૈ જન જન મેં,
સુખ દુઃખ દાતા કોઈ નહીં, તું સ્વયં સ્વયં નિરમાતા;
હે તેરે અંતરમેં ...૪

નિત્ય, નિરંજન, નિર્મળ, નિર્મમ, નિરાકાર, નિર્ભય તું,
અજર, અમર, અવિચળ, અવિનાશી, અમલ, અખંડ અમૃત તું,
શુદ્ધ, બુદ્ધ, પરિભુક્ત, મુક્ત, તું હી હૈ ભાગ્ય વિધાતા;
હે તેરે અંતરમેં ...૫

દ્વંદ્વ, કલેશ, ઉલઝન, અશાંતિ, સુખ દુઃખ નિપટ નિરાલા,
જ્ઞાતા, દ્રષ્ટા, સાક્ષી તું તો, વીતરાગ ગુણવાલા,
સ્વર્ણ વિચક્ષણ, જ્ઞાન જ્યોતિસે, ભ્રમર પાર ભવ પાતા;
હે તેરે અંતરમેં ...૬



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૭૧)

(સાખી—જો પ્રભુકે ગુણ ગાવે, પરમ સુખી હો જાએ)

જો પ્રભુ ચરનકો પૂજે, વિપદા પાસ ન આયે,
પ્રભુ નામ કે જપસે, મન પાવન હો જાયે,
પ્રભુ દર્શન જો પાએ, ભવ સાગર તર જાયે.
પ્રભુજી તુમ બિન કૌન સહારા, પ્રભુજી તુમ બિન કૌન સહારા
કૌન હૈ પાલનહારા, કૌન હૈ પાલનહારા
બોલો મહાવીર, જય જય મહાવીર જય....૧

કાલી રાતે ઉજીયારે દિન, સબ હૈ મહિમા તેરી,
ઔર કહીં અબ જાઉં ન ભગવન, તુઝમેં શ્રદ્ધા મેરી,
રાહ દિખાઈ તૂને મુઝકો, છાયા જબ અંધિયારા
કૌન હૈ પાલનહારા, ....કૌન હૈ.....
બોલો મહાવીર, જય જય મહાવીર જય....૨

કલ ક્યા હોગા, જાનુ ના મૈં, સબ કુછ તુઝપે છોડા,
તૂને મુઝકો પાસ બિઠાયા, જબ સબને મુખ મોડા,
તૂં હી સચ્ચા મીત કહાયે, બેગાના જગ સારા,
કૌન હૈ પાલનહારા, ....કૌન હૈ.....
બોલો મહાવીર, જય જય મહાવીર જય....૩

દુઃખ સુખ મેલા, ધૂપ છાંવકા, આતે જાતે રહેના,
જાને કબ તક ઔર રહેગા, ઈન સાંસોકા બહના,
તૂને ઉસકો દીયા સહારા, જિસને તુઝે પુકારા,
કૌન હૈ પાલનહારા, ....કૌન હૈ.....
બોલો મહાવીર, જય જય જય મહાવીર જય....૪

પ્રભુજી તુમ બિન કૌન સહારા, પ્રભુજી........
કૌન હૈ પાલનહારા, .....કૌન હૈ......
બોલો મહાવીર, જય જય મહાવીર જય....૫

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૭૨)

નૈયા મેરી બચાના રે,
નૈયા મેરી બચાના રે (૨)
ઓ કાન્હા રે, નૈયા મેરી બચાના રે,
નૈયા મેરી બચાના રે... નૈયા

ન જાને યહાં કૈસે આયા,
આંધી તૂફાનમેં ફંસ ગયા રે;
દેખ ડૂબ રહી હૈ નૈયા મેરી, બચાના રે,
ઓ કાન્હા રે, નૈયા મેરી બચાના રે.... નૈયા (૧)

માયાકા સાગર પ્રબલ,
ચારો તરફ સે જલ હી જલ;
દેખ જલ રહા હૂં, મર રહા હૂં, બચાના રે,
ઓ કાન્હા રે, નૈયા મેરી બચાનાં રે.... નૈયા (૨)

* * *

(૧૭૩)

ગુરુ ચરણનનમેં બૈઠકર ઐસે આઁસુ આયે,
કોટી કોટી મેરે કર્મોં ધોયે, પાવન મુઝે બનાયે

ગુરુ ચરણનનમેં બસ ગયો મોં ચિત,
નમન કરું મૈં પલ પલ નિત નિત;

ઈન ચરણનન કી મહિમા અપારા, ઝરત ઝરત છૂટે સંસારા,
ચલત ચલાવત જાયે હરિ જીત;

ઈન ચરણનન કો પાવે દુર્લભ, મોક્ષ દ્વાર યે, કહત ગુણી સબ,
કિસન હુઈ હરિ કીરપા બહુ ઈત

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગુરુ બિન જ્ઞાન ન ઊપજે, ગુરુ બિન મીટે ન ભેદ
ગુરુ બિન સંશય ના મીટે, જય જય જય ગુરુદેવ

સબ ચલો ગુરુ કે દેશ,
પ્રેમ વેશમેં મંડળ સારા, વહાં બરસે અમૃતધારા.... ટેક

વહાં કામ ક્રોધ કી ગંધ નહીં, ઔર જન્માદિક દુઃખ દ્વંદ્વ નહીં
કહે નેતિ નેતિ શ્રુતિને ઉસે પુકારા.... વહા૦

વહાં જાત પાતકી ચાલ નહીં, કોઈ રાજા યા કંગાલ નહીં,
સમદષ્ટિસે હૈ, સબ હી એકાકારા.... વહા૦

ત્રિતાપો કી જો જ્વાલા હૈ, સદ્ગુરુ બુઝાનેવાલા હૈ
વહાં નિત્ય સુખસાગર હૈ, અપરંપારા.... વહા૦

જો ભૂલે ભટકે આતે હૈ, વો સીધી રાહ પે જાતે હૈ
વહાં 'સોહમ્' શબ્દકા બજતા હૈ નગારા.... વહા૦

સદ્ગુરુજી શાંતિદાતા હૈ, વો ત્રિલોકી કે ત્રાતા હૈ
હૈ મોક્ષમાર્ગ કે સદ્ગુરુ અંતરજ્ઞાતા.... વહા૦

* * *



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૭૫)

તીરથ તીરથ મૈં ગયો, કિયો ન નિર્મલ સ્નાન,
મન મેં મેરે ફૂટી સુધા, નિશ દિન અમૃત પાન,
મેરે તો મન મેં બહેતી હૈ ગંગા, જમુના યહાઁ કાવેરી યહાઁ;

આયે હૈ સદ્‌ગુરુ કૈલાશ ઉઠાયે,
લાયે હૈ સારે તીરથ યહાં.
મેરે તો મન મેં...

લગી હૈ સમાધિ ગુરુ કી યહાઁ અબ,
બના હૈ અનોખા તપોવન યહાઁ,
મેરે તો મન મેં...

જલતી હૈ ભઠ્ઠી કર્મોં કી હર પલ,
સ્વર્ગ કહાઁ અબ નર્ક કહાઁ,
મેરે તો મન મેં....

* * *

(૧૭૬)

ગુરુ માતાપિતા, ગુરુ બંધુ સખા,
તેરે ચરણોંમેં સ્વામી, મેરે કોટી પ્રણામ,
પ્રિયતમ્ તુમ્હી, હૃદયનાથ તુમ્હી;
તેરે ચરણોં મેં સ્વામી...
તુમ્હી ભક્તિ હો, તુમ્હી શક્તિ હો,
તુમ્હી મુક્તિ હો, મેરે શ્યામશિવા
તુમ્હી પ્રેરણા, તુમ્હી સાધના,
તુમ્હી આરાધના, મેરે શ્યામશિવા;
